અસલીયતે ખોજા.

યાને

અસલ ખરેખરા ખોજાઓ કોણ?

ઈનસાફને માટે

રચનાર,

હાશમ બોઘા માસ્તર.

પ્રગટ કરનાર

વીરજી પ્રેમજી પારપીઆ.

૫૯૭, ડોંગરી સ્ટ્રીટ, મુંબઈ ૯.

ઈ. સ. ૧૯૧૨. હી. સ. ૧૩૩૦

કિંમત રૂ. ૦.

અસલીયતે ખોજા.

યાને

અસલ ખરેખરા ખોજાઓ કોણ?

ઈનસાફને માટે

રચનાર.

હાશમ બોઘા માસ્તર.

પ્રગટ કરનાર

વીરજી પ્રેમજી પારપીઆ.

૫૯૭, ડોંગરી સ્ટ્રીટ, મુંબઈ ૯.

ઈ. સ. ૧૯૧૨.   હી. સ. ૧૩૩૦

કિંમત રૂ. ૦.

અસલીયતે ખોજા.

યાને

અસલ ખરેખરા ખોજાઓ કોણ?

ઈનસાફને માટે

રચનાર.

હાશમ બોઘા માસ્તર.

Hasam Bogha

પ્રગટ કરનાર

વીરજી પ્રેમજી પારપીઆ.

૫૯૭, ડોંગરી સ્ટ્રીટ, મુંબઈ ૯.

ઈ. સ. ૧૯૧૨. હી. સ. ૧૩૩૦

કિંમત રૂ. ૦।.

આ પુસ્તક મુંબઈ નં૦ ૯૩ ચીચપોકલી પરેલરોડપર લેડી નૉર્થકોર્ટ
હિંદુ ઓર્ફનેજ, કે. એન. સેલર પ્રેસમાં ભાણજી દેવચંદ
મહેતાએ છાપ્યું છે.

અર્પણ પત્રિકા.

મહાન બોધગુરૂ માનવંતા પીર સદરૂદદીન.

આપ
મહાન બોધ-
ગુરૂએ અમો ખોજા
કોમની નજાત માટે અસાધારણ
પ્રયાસ કરી, પાક દીને ઇસલામના ખાસ
અર્ક, પાક શીઆ ઇમામી ઈસમાઈલી મઝહબનો
માર્ગ અમોને દેખાડીને, પાક ઈસમાઈલી ઈમામોના વાવટા
નીચે અમોને એકઠા કરવામાં, તન મનના ભોગે હેરત ભર્યા
પ્રયાસો કીધા છે, તે સઘળા ઝળકતા બનાવોની
યાદમાં આ "અસલીયતે ખોજા"
નામનું લઘુ પુસ્તક આપ
મહાત્માના પાક રૂહને
માન સહિત
અર્પણ
કરૂં
છું.

આપનો એહેસાનમંદ,
હાશમ બોઘા માસ્તર.

પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તકની અર્પણ પત્રિકા પાક શીઆ ઈમામી ઈસમાઈલી દીનમાં, ખોજાઓને દાખલ કરનાર, માનવંતા બોધગુરૂ, પીર સદરૂદીન સાહેબને આપવામાં આવેલ છે. પાક શીઆ ઈમામી ઈસમાઈલી મઝહબ, જેમાં તેઓએ અસલથીજ ખોજાઓને દાખલ કીધા છે, તે અસલ મઝહબને તજી દેનારા પણ જ્યારે એવા મહાત્મા પરોપકારી ગુરૂઓને અર્પણ પત્રિકા જેવાં માન આપવા કુદરતી રીતે પ્રેરાય છે, ત્યારે, અમે તેઓએ શીખવેલા પાક શીઆ ઇમામી ઇસમાઈલી દીનના જ્ઞાન રૂપી મીઠાં ફળનો અહોનિશ આહાર કરનારા જો એ અમારા મહાત્મા બોધગુરૂને અર્પણ પત્રિકાનું માન આપીએ, તો એક અદના ફરજ બજાવ્યા ઉપરાંત, કાંઇ વધારે કીધેલું કહેવાશે નહીં. આ લઘુ પુસ્તક વાંચ્યા પછી, ખોજાઓનો અસલ મઝહબ કયો હતો, અને પીર સદરૂદીન વગેરે મીશનરીઓએ, કયા મઝહબમાં, ખોજાઓને, અસલમાં, દાખલ કીધા હતા, તે સ્વતંત્રપણે અમારા વાંચક ખાત્રી કરી શકશે, તો અમારો અદના પ્રયાસ સફળ થએલો ગણશું.

હાશમ બોઘા માસ્તર.

અસલીયતે ખોજા

યાને

અસલ ખરેખરા ખોજાઓ કોણ ?

ખોજા કોમની તવારીખના દાવા સાથે, કેટલાંક પુસ્તકો પ્રગટ થવા પામ્યાં છે. ઇ. સ. ૧૮૯૨ ની સાલમાં સચેદીના નાનજીઆણી ભુજવાળાએ " **ખોજા વૃતાંત** " **નામે**, પુસ્તક બહાર પાડયું હતું.

ઈ. સ. ૧૯૦૩ ની સાલમાં નવરોજજી માણેકજી દુમસ્યાએ " **નામદાર આગાખાનનો ટુંક ઈતિહાસ** " પ્રગટ કરી, નામદાર આગાખાન સાથે ખોજાઓનો પવિત્ર સંબંધ દર્શાવ્યો છે.

ઇ. સ. ૧૯૦૫ ની સાલમાં, મુંબઇ શેહેરના રહીશ, જાફરભાઈ રેહેમતુલા બારીસ્ટર તરફથી " **ખોજા કોમનો ઈતિહાસ,** " એ નામનું પુસ્તક પ્રગટ થયું હતું.

ઇ. સ. ૧૯૦૭ ની સાલમાં, અમરેલીના રહીશ, એદલજી ધનજી કાબાએ " **હુસનબિન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ** " પુસ્તક બહાર પાડીને, ખોજા કોમની અસલીયાત દેખાડવાની કોશેશ કરેલ હતી.

હાલમાં ઇ. સ. ૧૯૧૨ ની સાલમાં, અમરેલીના રહીશ એદલજી ધનજી કાબાએ " ખોજા કોમની તવારીખ "ને નામે પુસ્તક પ્રગટ કીધું છે.

આ છેલા "ખોજા કોમની તવારીખ"ના પુસ્તકમાં, એક અતિ વિચિત્ર પ્રકારની ચોખવટ કરવા માટે, પાના ૩૦૫ માં ખાસ જરૂર દેખાડવામાં આવી છે. પુસ્તક કર્તા પાનાં ૩૦૫ ની સોળમી કલમના પાછલા ભાગમાં દર્શાવે છે કે, "મારી માન્યતા એવી થઇ છે કે, ખોજાઓનો અસલ ધર્મ ઈસનાઅશરી છે, અને તેમને ઇસનાઅશરી મતમાં વટલાવનાર મીશનરીઓ પણ ઈસનાઅશરીજ હતા, તોપણ આ સંબંધે, ચોખવટ કરવાની ખાસ જરૂર છે."

"નામદાર આગાખાનનો ટુંક ઈતિહાસ" એ પુસ્તક રચનાર, બાહોશ પારસી લેખક, નવરોજજી માણેકજી દુમસ્યા, પોતાના પુસ્તકના પાનાં ૨૩-૨૪ માં, એક અમુલ્ય સુચના કરે છે કે—

"હવે તે વખત આવી લાગ્યો છે કે ખોજાઓ જે તરીકા ઉપર ચાલે છે, તે તરીકાને અનુસરતી તરતીબો દુરૂસ્ત કરવા માટે, હજરત આગાએ (નામદાર આગાખાન) મજબૂત દસ્તે અમલ બેસાડવો જોઇએ. હવે જ્યારે બ્રિટિશ અમલમાં, રિયાકારી એટલે દોરંગી ચલાવવાની કાંઇબી જરૂરીયાત રહી નથી, ત્યારે તો વળી, ખોજા ભાઇઓની ફરજ છે કે, તેઓએ પોતાના જીગરનો એતેકાદ, જાહેર ખુલ્લી રીતે પાળી દેખાડવો. હવે તેઓએ પોતાના મોં ઉપર ઢાંકેલો બુરખો અને પારકા તરીકાને મળતા આવવાનો ખોટો દેખાવ ફેંકી દેવો જોઇએ, સબબકે, એવી બુરખાપોશી અને બહારના ખોટા દેખાવથી ખોજા જેવી ચંચળ કોમમાં નુકસાન અને મતફેરી જાએજ થઇને, તેઓમાં ફાટફુટ થવાનો સંભવ રહે છે. આગલા જમાનાઓમાં, ખોજા ભાઇઓને એવા જનુની ખુનના પ્યાસા લોકનો ડર રાખવો પડતો હતો કે જેઓ સુની તરીકાને અપમાન થવાનો સહજબી ઇશારો મળતાં, તુરતજ હથીઆરો ઉઠાવીને જેમને તેઓ કાફર તરીકે બોલાવતા હતા, તેમનો નાશ કરવાને એકદમ તૈયાર થઇ જતા હતા. સઘળી હિંદુ વરણોની મિસાલેજ ખોજાઓ પણ બ્હીકણુ

હોવાથી તેઓને સુનીઓમાં જાએજ રહેલી નમાજની તરકીબો અને રસમો જાહેરાત ઇખ્તિયાર કરવી પડી હતી. મગર હવે તેઓએ બાહિમ્મત બહાર પડીને, "પોતાના શીઆ ઇસ્માઈલી મજહબને અનુસરતી તરકીબો અને રસમો ઇખ્તિયાર કરવી જોઇએ છે. એમ કીધાથીજ સુધરેલી આલમની નજરમાં તેઓ માન મેળવશે."

ઉપરના લખાણ ઉપરથી, અમારા માનવંતા ઇનસાફી વાંચનારા, સ્વતંત્રપણે બરાબર સાબેત કરી શકશે કે "નામદાર આગાખાનનો ટુંક ઇતેહાસ," એ પુસ્તકના રચનાર, આપણાથી ગેરકોમના ગ્રહસ્થ પણ ખુલ્લી રીતે જાણી શકયા છે, એટલુંજ નહીં, પણ જાણીને પોતાના પુસ્તક મારફતે જાહેરમાં પ્રગટ પણ કરી શકયા છે, કે ખોજાઓએ હવે બહાર પડીને પોતાના શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબને અનુસરતી તરકીબો અને રસમો અખતિયાર કરવી જોઇએ. ખોજાકોમથી ગેર-કોમના એટલે એક પારસી વિદ્વાન પણ, ખોજાઓને શીઆ ઇમામી ઇસમાઇલી ગણવાની માન્યતા ધરાવે છે. અને એ માન્યતા સંપૂર્ણ રીતે ચોખ્ખી હોવાથી, તેમાં વધારે ચોખવટ થવાની જરૂર પોતાના આખા પુસ્તકમાં કોઇપણ ઠેકાણે જણાવતા નથી, ત્યારે અજબ થવા જેવી બીના એ છે કે, પાક શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબને હાલ તરતજ તજી દેનાર, એદલજી ધનજી કાબા, જેમના બાપદાદાઓ, અસલથીજ ખોજા-ઓનો અસલ શીઆ ઈમામી ઇસમાઈલી મઝહબ પાળીને, તેમને પણ વારસામાં, એજ પાક દીન આપતા ગયા છે, તે સઘળું વિસરી જઇને, એ સિદ્ધાંત તુલ્ય સત્યતાને માટે હજીપણ વધારે ચોખવટની જરૂર વિચારે છે.

વિદ્વાન વર્ગ સત્યતા સાબેત કરવા કોશેશ કરે, તેમાં કાંઇપણ હાનિ-કારક નથી, પરંતુ જ્યારે તે સત્યતા સાબેત થાય, ત્યારેપણ, તેને નહી

ગણકારતાં, પોતાના અંતઃકરણને તથા જગતને ફરેબ આપવા કોશેશ કરવી એ અફસોસ કારક છે.

પચાશ વર્ષ થયાં, રોજ સૂર્યનારાયણના દર્શન કરનાર, સૂર્યની હસ્તિ વિષે શંકા દર્શાવે, તો તે બીના અજાએબી અને રમુજ ભરેલી ગણાય છે. " **ખોજાકોમની તવારીખ** " ના રચનાર, એદલજી ધનજી કાબાએ ઇ. સ. ૧૯૦૭ ની સાલમાં " **હસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ** " એ નામનું પુસ્તક પ્રગટ કીધું છે, તેના ૧૫૭ મા પાનામાં ખુલ્લી રીતે તેઓનીજ કલમથી ચોખવટ કરવામાં આવી છે, તે નીચે પ્રમાણે છે.

" ખોજા લોકોની અસલ ઉત્પત્તિ સુન્નિમાંથી થઇ હતી, એમ જે માનવામાં આવ્યું હતું, તે ખરૂં ન હતું. તેમજ મુંબઇમાં પ્રસિદ્ધ થએલી સજરાની ચોપડીમાં ખોજા ધર્મની નિંદા કરી છે, તેપણ ખરી નથી. વળી હિંદુ મુસલમાનના મિશ્ર મતના ફાંટો એજ શીઆહ મત છે, એમ જે માનવામાં આવ્યું છે, તે ખરૂં નથી. અથવા, ખોજાને માટે સતપંથ એ નિરાળોજ પંથ છે, એવી કેટલાકની સમજણ છે, તે પણ ખરી નથી. પણ " **મુંબઇની હાઇકોર્ટમાં તપાસ ચાલી, ખોજાઓનો અસલ ધર્મ શીઆહ ઇમામી** ઇસમાઇલી ઠરેલ છે, એજ ખરી વાત છે."

ઉપર પ્રમાણેની ખુલ્લે ખુલ્લી ચોખવટ થયા પછી, અને તે ચોખવટ જાહેર પ્રજાની સમક્ષ પુસ્તક કર્ત્તા તરીકે રજુ કરવા પછી, વધારે ચોખવટ કયા પ્રકારની હોઇ શકે? પાંચ અને પાંચનો સરવાળો દશ થાય છે, એ કુદરતી સત્યતા જાણ્યા પછી, પાંચ અને પાંચનો બીજો સરવાળો કેટલો થતો હશે, એ જાણવા મથન કરવું, નકામું તેમજ બેહુદું છે. મજકુર પુસ્તક રચનાર, પાંચ વર્ષની ટુંક મુદતમાં, પોતાનીજ કલમથી

સાબેત કરેલી ચોખવટને વીસરી જઈને, ખોજાઓને અસલ કયા મઝહબમાં દાખલ કરવામાં આવ્યા હતા, તે વિષે, ફરીથી ચોખવટ કરવા જરૂર દર્શાવે છે, ત્યારે, જુદા જુદા સાધનો મારફતે, એ સવાલની ચોખવટ કરવા કોશેશ કરવાની અમોને ફરજ પડે છે. આ ચોખવટ કરવા માટે, એદલજી ધનજી કાબાએ પોતે ઈ. સ. ૧૯૦૭ ની સાલમાં, "હસનબિન સબ્બાહ તથા ઈસમાઈલી મીશન પ્રયોગ" તથા હાલ "ખોજા કોમની તવારીખ" એ નામનાં પુસ્તકો રચ્યાં છે, તેનેજ પહેલાં અમે હાથમાં ધરશું.

ચોખવટ નંબર પેહેલો.

શીઆ ઇમામી ઇસમાઇલીઓની ખાકેશફાની પાક ક્રિઆની સાબેતી.

ખોજા કોમની તવારીખ.

પાનું ૨૬૦

મજકુર બુકનો કર્તા મજકુર બુકના પાના ૨૬૦ માં "પાટ ક્રિયા" એ મથાળા નીચે લખે છે કે "માતા પંથીઓની પાટ ક્રીયા જેવીને તેવી કબુલ રાખી, પણ તેમાં ઈસલામનાં બીજ છાટતાં, કેટલીક ઇસલામી બાબતો દાખલ થઇ. વિર્યને બદલે કરબલાની માટી દાખલ થઈ, પુરૂષો સાથે સ્ત્રીઓને ભેળાતી અટકાવી. સ્ત્રીઓ પોત પોતામાં પાટ ક્રિયા જુદી કરે તેમ ગોઠવણ કીધી. કસી જોવાની અનીતિ ભરેલી રીતને પાણીચું આપી દીધું. પાટના મંત્રોમાં હિન્દુ દેવોના નામો સાથે, કુરાનની આયતો, પંજતનના નામો, હજરત મહમદ પેગંબરની વંશાવળી, કલમો, દરૂદ, અરબી દોઆઓ, હજરત અલીની વંશાવળી, પીરોનાં નામો વગેરે બાબતો ઉમેરી, કોળી, પાવળનાં નામો બદલી, તેને બદલે નીઆજ, તથા સુક્રીત એવાં નામો આપ્યાં એજ પુસ્તકનાં પાનાં ૨૫૮ માં પુસ્તક કર્તા લખે છે કે માતાપંથીઓના ચારયુગનાં ચાર ભક્ત માન્ય રાખ્યા. સત્ય યુગનો પ્રલ્હાદ, ત્રેતા-યુગનો હરિશ્ચંદ્ર, દ્વાપર યુગનો યુધિષ્ટિર, એમ ત્રણ જુગના ભક્તો

જેમના તેમ માન્ય રાખ્યા. ચોથા કલીયુગમાં, ભકત અલીને બદલે, મીશનરીએ પોતાનું નામ, યાને, સદરૂદીન દાખલ કીધું. એજ પુસ્તક કર્ત્તા, પોતાના "હસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ" એ પુસ્તકના પાનાં ૧૩૪, ૧૩૫ માં ઘટપાટનું ગીનાન લખે છે, તે અત્રે ટાંકીએ છીએ.

હસન બિન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાનાં ૧૩૪, ૧૩૫.

ઘટપાટનું ગીનાન.

જીરે વાલા, પાટ મંડાવીને ચોક પુરાવો.
હરખેસું કળસ થપાવો રે વાલા
ચારે સુહાગણને તેડાવો
વધાવો તે કાયમ સામી રે વાલા
આજ મંદીર રળીઆમણાં દીસે
રૂડા સાધ આવ્યા, રૂડા સંત આવ્યા, આપણે ઘેર
પ્રભુજી પધાર્યા મંદીરે
જીરે વાલા, દીસતડાંરે રૂડેરાં દીસે
અને બોલતડા મુખ મીઠા રે વાલા
પવિત્ર થયાં ઘર આગણ મારાં

જારે સતગુરૂ નયણેસું દીઠાં રે વાલા
જીરે વાલા, કોઇ કહે છે મેલાં, ને કોઈ કહે છે ચોખાં
અને કોઈ કહે છે, અલ્યા કેવા રે વાલા
જોત જગાડીને જુમલોજી બેઠા
હું જાઉં બલીહારી તેની રે વાલા
જીરે વાલા શ્રવણે સુણીઆ તે મેં નઅણેસેં દીઠાં
હું તો ભવોભવ દાસી તમારી રે વાલા
દાએલડા સરવે દુર કરો
યા શાહ, વીનતી કરીને પાએ લાગું રે વાલા
જીરે વાલા, ગુર નર સાથે ગોઠડી કીજે
તત્વ અખસર સુખ લીજેરે વાલા
જેણે થકી ભવસાગર તરીએ;
સેવા સાહેબજીની કીજે રે વાલા
એ ગીનાન માહારસ ભણે પીર સદરદીન
મુમન મારા અમીરસં પીવાને આવો રે વાલા
"હાજર જોમા" ને પાયે પડીજે
વધાવો તે કાયમ સામી રે વાલા

મજકુર પુસ્તક કર્ત્તાના ઉપલા વિવેચન ઉપર ટીકા કરવાની અમોને ખાસ જરૂર પડે છે. ખાકે શફાની ક્રિયા માતાપંથીઓના ધર્મ ઉપરથી માનવંતા પીર સદરદીને લીધી છે, એ બીના તદન જુઠી, અનુભવ રહિત, અને નાપાયદાર છે. ખાકે શફાને વાસ્તે ઇસલામીઓ પણ મોટું માન ધરાવે છે. અમારા કહેવાના ટેકામાં, એક આલીમે ફાઝલ શાએરના શએર અતરે રજુ કરીએ છીએ.

શએર.

૧ અકસીરસે ઝીયાદા હૈ, હૈદર કે દરકી ખાક
૨ હે ખાક, જીસકે સામને, ઈસિ સીમે ઝરકી ખાક
૩ રૈનક ઉસકે પાસ હૈ, અકસીર કીમીઆ
૪ જીસ પાસ હૈગી, હૈદરે સફદર કે દરકી ખાક
૫ અલીકે દસ્તકી ખાકે શફા, અકસીરે અઅઝમ હે,
૬ હૈ, સર ખમ, ખાકે અતહરપર, હકીમોંકા તબીબોંકા
૭ હૈ, કીમીઆગરોંકા, અગર કીમીઆ પર નાઝ
૮ તો ખુ તુરાબીઓંકા, હૈ, ખાકે શફાપે નાઝ

તરજુમો.

૧ હઝરત મૌલા મુરતઝાઅલી દરની ખાક, કીમીઆની ખાક કરતાં વધારે અસરકારક છે.

૨ હઝરત મૌલા મુરતઝાઅલીના દરની ખાકના પ્રમાણમાં, સોનું અને રૂપું એ કિંમતી ધાતુઓ ખાક સમાન છે.

૪ લડાઈઓની સફને તોડી નાંખનાર, સાહેબે ઝુલફીકાર, મૌલા મુરતઝાઅલીના દરની ખાક જેની પાસે હોય

૩ તેની પાસે સૌથી મોટો કીમીઓ છે.

૫ હજરત મૌલા મુરતઝાઅલીના દસ્ત મુબારકની ખાકે શફા એ મોટી કીમીયારૂપ છે.

૬ એ ખાક ઉપર, હકીમો તથા તબીબોનાં સર, આજીજ છે.

૭ અગર કીમીઆગર લોક, કીમીઆપર નાચે છે.

૮ તો મૌલાના મુરીદો, ખાકે શફા એટલે ઘટપાટ નીઆજ ઉપર લાડ કરે છે.

હુજરત **મૌલા મુરતઝાઅલી,** અમીરૂલ મોમનીન, **હાજર ઈમામ** ના દસ્ત મુબારક સ્પર્ષ થએલી પવિત્ર ખાક, દુનયવી તથા રૂહાની બીમારી ઓને દુર કરે છે, માટે માનવંતા પીર સદરદ્દીને **મૌલા મુરતઝા અલી** નું નુર ધરાવનાર, હરેક જમાનાના **હાજર ઈમામ** ના દસ્ત મુબારકથી સ્પર્ષ થએલી **ખાકેશફા** ઉપર પવિત્ર બંદગી કરી, **આબેશફા** એટલે **નીઆજ નીયમ** ના નામથી તેનું પાન કરવા શીઆ **ઈમામી ઇસમાઈલી-ઓને** શિક્ષણ આપ્યું છે. એ પવિત્ર બંદગીમાં, હિંદુના ભકતો વગેરેનાં નામો દાખલા સ્વરૂપે આપવાથી, તે ક્રિયાને, માતાપંથી ક્રિયા કેહેવાય નહીં. પાક **કુરાને શરીફમાં,** દાખલા સ્વરૂપે, **ફીરઐાન, હામાન, શીદાદ, હુજરત ઈસા, હુજરત મુસા, હુજરત દાઉદ** વગેરે **પરધરમીના** નામો આપવામાં આવેલાં છે, તેથી પાક **કુરાને શરીફ,** ઇસલામનું પાક પુસ્તક મટીને, **પરધરમી** પુસ્તક થઇ જતું નથી. માનવંતા પીર સદર-દ્દીનના વખતમાં શીઆ **ઈમામી ઈસમાઈલી** મઝહબમાં દાખલ થનારા, **હિંદુઓ** હતા. હિંદુઓને, **મુસલમાની મુલકોમાં** થઇ ગયેલા પ્રખ્યાત માણસોના દાખલા આપવામાં આવે, તો તે **મુલકોની** તવારીખી બાબતોની અજ્ઞાનતાને લીધે, તેઓ દ્રષ્ટાંતની ખુબી સમજી શકે નહીં. જેમ, હિન્દુઓના પ્રખ્યાત ભકતો પોતાના વખતના ઇશ્વરી અવતારને ઓળખી ઘટપાટ કાઢી તથા તેનું પાન કરી, પોતાનું તારણ કરી ગયા છે, તેમ આ જમાનામાં **હાજર ઈમામ મૌલા મુરતઝાઅલીના** દસ્ત મુબારકથી સ્પર્શ થએલી **ખાકે શફા** તથા તેના **આબે શફા** થી પોતાનું તારણ કરવા ઘટપાટની ક્રિયા દાખલ કીધેલી છે. **ઈરાન, અરબસ્તાન, શામ, ખુરાસાન, અફઘાનિસ્તાન, ચિત્રાલ** વગેરે બીજા મુસલમાની રાજ્યના **શીઆ ઇમામી ઈસમાઈલીઓ** પણ ઘણા માન તથા મરતબા સાથે, **ખાકે શફા** તથા **આબે શફાનું** પાન કરે છે, એ લોકો, હિંદુસ્તાનના માતાપંથની રસમ શીખવા ક્યારે આવ્યા હતા? **હાજર ઈમામ મુરતઝા-અલીના** દસ્ત મુબારકની ખાકનો, **ખાકે શફા** તરીકે ઉપયોગ, માનવંતા

પીર સદરદ્દીન સાહેબ હિંદુસ્થાનમાં પધાર્યાં તેની આગમજ, ઈસલામી રાજ્યના ઈસમાઈલીઓમાં પણ, પ્રચલિત હતો. આકે શફા તથા આબે શફાની ઘટપાટની ક્રિયાને, માતાપંથી ગણનાર, શીઆ ઈમામી ઈસમાઈલી મઝહબથી તદન બીન વાકેફગાર અને બીન અનુભવિ સાબીત થાય છે.

કોઇ એક ધર્મથી તદન અજાણ્યુ, અજ્ઞાન, બીન અનુભવિ નાવાકેફગાર માણસનાં, તે દીન મઝહબ વિષેના લખાણ ઉપર, કોઇપણ રીતે ભરોસો રાખનાર, પોતાને, ઘણી કફોડી તથા ભયંકર હાલતમાં લાવી મુકે છે. જે માણસને પોતાને કોઇ વિષયમાં સમજ ન હોય, તે માણસ, તે વિષયમાં, કોની રાહબરી કરી શકે? અમુક વિષયનું જ્ઞાન નહીં ધરાવનારાઓના ગપાષ્ટકના ગોળા ઉપર ભરોસો લાવનાર શખ્સ, પોતાને, કોઇ તરેહનો ફાયદો પહોંચાડી શકતો નથી, પણ તેથી ઉલટું, અંધકાર તથા જહાલતની ઉંડી ગારમાં ગબડી પડે છે.

આકેશફા તથા આબેશફા, ઘટપાટ, નીયાજની ક્રિયા કોઇ પણ રીતે માતાપંથી ક્રિયાનું અનુકરણ નથી. કદાપિ અસલની સારી જુની ચીજોમાંથી નુકસાનકારક તત્વ દુર કરી, જમાનાને અનુસરતો ઘટતો ફેરફાર કરી, અનુકરણ કરવામાં આવે, તોપણ વિદ્વાન વર્ગ એ બાબતને નવાઈ જેવી ગણશે નહીં. માનવંતા પીર સદરદ્દીને હિંદુઓની કેટલીક અસલની માન્યતા તથા રસમોમાં જમાનાને અનુસરતો ઘટતો ફેરફાર કરી, તે ક્રિયાઓ ચાલુ રાખી, પોતાના ઇસમાઇલી મીશન પ્રયોગનો ઉપયોગ કર્યો હોય, તોપણ એવી અસલની ક્રિયાઓ જરૂરજોગા ફેરફાર સાથે સરવે રસુલ અંબીઆઓએ પણ કાયમ રાખવા ડાહપણ સમજેલું છે. દાખલા તરીકે, રોજા રાખવાની રીત, અસલ યાહુદીઓના મુસાઈ દીનમાં છે, અને "તોરાત" કીતાબ, જે "ઓલ્ડ ટેસ્ટામેંટ" તરીકે, ખિસ્તી લોકોના બાઇબલનો આગલો ભાગ છે, તેમાં, રોજા રાખવાનો હુકમ

૨

થએલો છે. છોકરાઓને **સુન્નત** બેસાડવાની ક્રિયાનો હુકમ "**તૌરાત**"માં યહુદી લોકો ઉપર આવેલો છે. ખ્રિસ્તી લોકો, જેરૂસેલમમાં "**પ્રીલ-ગ્રીમેજ**" એટલે હજ કરવા જતા હતા, અને એવા હાજી લોકોને "**પ્રીલગ્રીમ્સ**" એવું નામ આપવામાં આવતું હતું. કમાઇમાંથી **જકાત** આપવાનો હુકમ **તૌરાતથી યહુદી** લોકો ઉપર આવેલો છે, છતાં પણ, આપણે જોઇ શકીયે છીએ કે આપણા સરતાજ, **સરવરે આલમ, ખાતેમુલ અંબીયા** વલ **મુરસલીન**, પાક **નબી મહમદ મુસ્તફા, રસુલે** કરીમ, સલ્વાતુલ્લા અલૈહી વ સલ્લમ, **તેઓએ** પણ **દીને** ઇસ્લામમાં, તૌરાત, તથા ઇંજીલની યહુદી તથા નસરાની રસમો તથા ક્રિયાઓ જમાનાને માફક આવતા સુધારા તથા ફેરફાર સાથે ચાલુ રહેવા દેવામાં, ડાહપણ સમજેલું છે, તેઓને, પ્રયોગ રચનાર અથવા **ધુર્તબાજી** કરનાર તરીકે ઓચરવાની હિંમત કોઇ પણ કરી શકતું નથી. મક્કા શરીફમાં આવેલું પવિત્ર **બૈતુલ્લાહ** અથવા **કાબા** શરીફ, **નબી સાહેબની** પૂર્વે હજારો વરસો થયાં, બુતપરસ્ત કાફર લોકોની જાત્રાનું સૌથી મોટું ધામ હતું. **કાબા** શરીફના મકાનની ઉપર, લાત, **મનાત**, ઉઝા આદિ ત્રણુસોને સાઠ મુર્ત્તિઓ ગોઠવેલી હતી. પાક **નબી** મહમદ મુસ્તફાએ હજરત **મૌલા** મુરતઝાઅલીને પોતાના પાક ખાંધા ઉપર ચડાવીને એ પાક હાજર ઈમામને હાથે, બધી મુર્ત્તિઓને તોડાવીને ફેંકાવી દીધી. મૂર્ત્તિપુજાનું નુકસાનકારક તત્વ દુર કરીને, પવિત્ર કાબા શરીફને **બૈતુલ્લાહ** એટલે ખુદાના ઘર તરીકે કાયમ રાખ્યું. પીર સદરદીને હિંદુઓની કેટલીક ક્રિયાઓ જોઇતા સુધારા સાથે, તથા નુકસાનકારક તત્વ દુર કરીને, ચાલુ રેહેવા દીધી હોય, તો તેમાં હિન્દુઓની ક્રિયાઓનું અનુકરણ નથી, પણ ઓલીયા, અંબીયા, તથા રસુલોની ગહન ઉંડી **ફીલોસોફીનું** અનુકરણ છે. કોઇ જાતની બળજબરી વગર, હેતપ્રિતથી, દીન વધારવાને માટે, એ **ફીલોસોફી** ઘણીજ ઉપયોગી છે. પીરસદરદીન સાહેબને, **અલ્લા** અથવા નબી સાહેબનો **અવતાર** ગણવામાં આવે છે, **તેનું** કારણ એ છે

કે તેઓમાં નબીઓ તથા રસુલોની ઉંડી ફીલોસોફીનું જ્ઞાન હતું. અને એ જ્ઞાનને બળે તેઓ નબી સાહેબની માફક, લાખો બુતપરસ્તોને ઈસ્માઈલી મઝહબમાં લાવી, પાક દીને ઈસ્લામને મોટી કુવ્વત આપી ગયા છે, અને તેઓની પદ્ધતિ, કિયામત સુધી, હિંદુઓમાંથી તથા બીજી ગૈર કોમમાંથી લોકોને ખેંચીને પાક દીને ઈસલામને કુવ્વત આપતી રહેશે. કારણકે, કુદરતી છે કે, એવા, નવા શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ થનારાઓ, ત્યારબાદ, હિંન્દુઓને બદલે, ઈસલામને, દરેક રીતે મદદ આપવા તૈયાર થશે. પાક દીને ઈસલામને હમેશાં કુવ્વત દેનાર આવા એક ઉમદા મીશનની મહાન સેવાઓને ઉતારી પાડવાની તજવીજ કરનારા, પાક દીન ઈસલામની કુવ્વતને એક મોટો ફટકો મારવાની તથા મોટું નુકસાન કરવાની ગંભીર ભુલ કરે છે. શીઆ ઇમામી ઇસમાઇલી મીશન એક વરસની મુદતમાં હજીપણ હજારો લોકોને હિંદુ પંથમાંથી ખેંચી શીઆ ઇમામી ઇસમાઈલી મઝહબમાં દાખલ કરી, પાક દીને ઈસલામને કુવ્વત આપતું રહ્યું છે. કોઈપણ ઇસના અશરી મીશન પરધર્મી કોમના એક પણ માણસને મુસલમાન બનાવી શક્યું નથી, અને બનાવી શકશે પણ નહીં. અગર અમારો આ સાર ભુલ ભરેલો હોય, તો ઇ. સ. ૧૯૦૧ પછી, અગીયાર વરસની લાંબી મુદતમાં, તેઓ કેટલા પરધર્મી માણસોને ઈસલામમાં લાવી શક્યા છે, તેનો રીપોર્ટ પબ્લીકમાં મુકવા, આવા લેખકોને અમે અરજ કરીએ છીએ. પણ અફસોસ, એ બનવાકાર નથી. તિજોરીમાં દમડી હોય, તો બહાર નિકળવા સંભવ છે. ખાલી તિજોરીમાંથી પથર પણ નહીં નીકળે. અલબતાં, આટલું કબુલ કર્યાં સિવાય છુટકો નથી, કે ઇસના અશરી મીશને, ખોજાઓમાં, ભાઇને ભાઈથી, બાપને દીકરાથી, દીકરાને બાપથી, પુરૂષને સ્રીથી અને સ્રીને પુરૂષથી, વિખુટા પાડી તોડ ફોડ નું મહાન મીશનરી કાર્ય બજાવ્યું છે, અને જો એ તરીકો કાયમ રહ્યો, તો કીઆમત સુધી, ખોજા ઓના એજ બદહાલ સમજવા.

મજબૂત દોરડું ત્રુટીને, નારતાર થઇ, બોજા કુવત ખાકમાં મળી જશે. કસના અશરી મીશન એક મુસલમાનીજ ફીરકામાં તફરકા પડાવી શકશે. એક મુસલમાન ફીરકાને તોડીને તારાજ કરી નાખશે, પણ કોઇરીતે પાક દીને ઇસલામની સેવા બજાવી શકશે નહીં. આવી રીતે, ઇસલામની બંધાઇ ગયેલી કુવ્વતને છિન્ન ભિન કરનારને માટે, પાક કુરાને શરીફનો મત શું છે, તે અતરે ટાંકીએ છીએ.

કુરાને શરીફ, સુરેબકર, આયત. ૨૭.

અલ લઝીના યનકુઝુના અહદલ્લાહે, મીમ બઅદે મીસાકેહી,
વ યકતઉના મા અમરલ્લાહો, બીહી, અંય યુસલા,
વ યુફસેદુના ફીલ અરઝે, ઉલાએકા, હુમુલ ખાસેરૂન.

મતલબ.

જે દુષ્ટ લોકો ખુદાનો કરાર નકી થયા પછી તોડે છે, અને ખુદાએ જે જોડવાનું ફરમાવ્યું છે તે કાપી નાંખે છે, અને પૃથ્વીમાં ફીસાદ કરે છે, તેઓજ નુકસાન ખમનારા છે.

કુરાને શરીફ, સુરે બકર ૨૧૭–૨૦૫.

અલ ફીતનતો, અકબરો, મીનલ કત્લે.
વલ્લાહો, લા યુહીબ્બુલ ફસાદ.

મતલબ.

ફીતનામાં, કતલ કરતાં વધારે પાપ છે, અને ખુદા ફસાદને ચાહતો નથી.

કુરાને શરીફ, સુરે અઅરાફ, આયત ૫૬.

લા તુફસેદુ ફીલ અરઝે, બઅદા ઈસલાહેહા

મતલબ.

પૃથ્વીમાં, સુધારો થયા પછી, ફસાદ કરો નહી,

કુરાને શરીફ, સુરે બુરૂજ, આયત ૧૦

ઇન્નલ લઝીના ફતનુલ મુઅમીનીના, વલ મુઅમીનાત,
સુમ્મા, લમ યતૂબૂ, ફલહુમ, અઝાબો જહન્નમ,
વ લહુમ, અઝાબુલ હરીક

મતલબ.

ખરેખર, જેઓએ, મોમન પુરૂષો, અને મોમન સ્ત્રીઓને, સંકટમાં નાંખ્યા છે, પછી પશ્ચાતાપ કર્યો નથી, તેઓને માટે, દોજકની સજા છે, અને તેઓને માટે, બળતી આગની શિક્ષા છે.

કુરાને શરીફ, સુરે બકર, આયત ૧૧

વ ઇઝા કીલ લહુમ, લા તુફ્સેદુ, ફીલ અરદે, કાલુ,
ઈન્નમા, નહનુ મુસ્લેહુન :: અલા, ઈન્નહુમ, હુમુલ મુફ્સેદુના,
વલાકીન લા યશઉરૂન.

મતલબ.

અને જ્યારે તેમને કેહેવામાં આવે છે કે જમીન ઉપર ફીસાદ કરો નહીં, ત્યારે તેઓ કહે છે કે, અમે માત્ર સુધારો કરનારા છીએ. જાણો કે, તેઓ પોતેજ ફીસાદ કરનારા છે, પણ તેઓ જાણતા નથી.

શીઆ ઇમામી ઇસમાઇલીઓ પાક દીને ઇસલામના કલમેગો છે. નબી સાહેબના જમાના પછી, કમનસીબે, ઇસલામમાં સેંકડો ફીરકા થઇ જવા પામ્યા છે. અનુભવિઓ જોઇ શકે છે કે, કાળ ચક્રની ગહન ગતિને પ્રભાવે, તેમ, જાતિલોભ, અહંકાર, તથા અજ્ઞાનતાને પ્રતાપે, એક મહાન અને સત્ય દીને ઇસલામમાં જે ફીરકા પડ્યા છે, તેથી અસંખ્ય નુકસાન થયાં છે. ફીરકાને પ્રતાપે, ઇસલામનું કુવ્વત તુટી ગયું છે ઇસલામની રૈનક ઉડી ગઈ છે, અને ઇસલામનો દબદબો દબાઇ ગયો છે, આ જમાનાના ખરા સુધારકો એ નખોદ વાળનાર ફીરકાની મારા મારી તથા અંટસને દુર કરાવી, **નબી સાહેબના** જમાના માફક એકજ ઇસલામ તથા ઇસલામી એવી લાગણીઓ ફરીથી સજીવન કરવા જીવતોડ મેહેનત લઇને મથન કરી રહ્યા છે. તેઓ તુટેલાને રેણુ દઇને પાછું સાંધવાને ઇછે છે, ત્યારે બીજી બાજુથી, એક ઇસલામી ફીરકાને તોડીને, તેમાંથી બીજા ફીરકા વધારવામાં પુન્ય તથા મોટાઈ ગણનારા વિર પુરૂષો, ઇસલામની કીર્તિને સજીવન કરનારની જીવતોડ મેહેનતને

બરબાદ કરતા જોવામાં આવે છે. હવે હદ થઇ ચુકી છે. ખમી શકાય તે કરતાં વધારે, તફરકા તથા ફીરકા, ઇસલામને ઘણુ કાઢી ચુક્યા છે, અને હવે, જેમ બને તેમ ફીરકાઓ ઘટાડવા, અથવા, જ્યાં તેમ બનવું અશક્ય હોય ત્યાં, ફીરકાની વિરૂધ્ધતા ભરેલી અંટશને દુર કરવાની તજવીજો, મોટા પાયા ઉપર થવી જોઇએ. આ મહાન તત્વને માન આપીને ચાલ્યા વગર, ઇસલામનો ઉધ્ધાર સ્વપ્નામાં પણ જોવામાં આવશે નહીં. **શીઆ ઇમામી ઈસમાઇલી** મઝહબ જ્યારે પાક દીને ઇસલામનોજ એક ફીરકો છે, ત્યારે તેને તોડી ભાંગીને, જણુ જણને એક બીજાના વેરી બનાવનાર બીજા ફીરકાઓની શું જરૂર હતી? ઇસલામ પૂર્વજન્મને માનતો નથી, અગર માનતો હોત, તો અમે ફક્ત એટલુંજ કહી શકત, કે પૂર્વજન્મના ફળ રૂપે, ઇસલામના કર્મમાં હજી પણ કાંઇક વધારે કઠણાશ સરજાઇ ચુકી હશે. હાલ ખોજાઓ જુદા જુદા ભાગમાં વેહેંચાઇ ગયા છે, તેઓ ડાહાપણ વાપરી, **નામદાર આગાખાનની** ઈમામતના આશરા નીચે, પાછા પોતાના અસલ **શીઆ ઇમામી ઈસમાઇલી** મઝહબમાં આવી જઇ, પરસ્પર ભાઇ બંધુઓ થઇ જાય, તો તેઓએ સૌથી સરસ પગલું ભરેલું ગણાશે, તેમજ, **એકત્રતાનો મહાન ઇસલામી અસલી નિયમ**, પાછો અમલમાં મુકશે. આ રીતથી તેઓ જેવી ઇસલામની સેવા બજાવી, ઇસલામને કુવ્વત આપી શકશે, તેવું બીજા કોઇપણ ઇલાજથી આપી શકશે નહીં. પાછી એકત્રતા થવાને પ્રતાપે, એક મોટી સાહસિક વેપારી કોમમાં સંપ વધી, જે આબાદાની તથા સુખનો વધારો થશે, તેની કલ્પના બાંધવી, તદન સેહેલ છે. ખોજા કોમની ઉન્નતિ માટે જુદા જુદા વિદ્વાનોની કલમથી જુદા જુદા ઉપાયો સૂચવવામાં આવે છે, પણ આ મૂળ ઉપાય વગર, બીજા ઉપાયો, જો કે તદન નિરૂપયોગી નહીં, પણ એવાજ કારગર નીવડનાર નથી. ખોજાઓના આ જુદા જુદા ફીરકા પાછા એકત્ર થવા સંભવિત છે કે બનવા જોગ નથી, એ સવાલના જવાબમાં, કેહેવાને તથા માની લેવાને, આપણે શક્તિવાન

છીએ કે, જો ખરા દીલથી મેહનત કરનારા મહા પુરૂષો કોશેશ કરે, તો એકત્રતા થવી, એ અશક્ય નથી. જમાનાના વેગે કર્યું, તે જીવનાશએોએ જોયું, અને હવે પછીનો જમાનો કરશે, તે જીવનારા જોશે જેટલી ભુલ થઈ, તે સુધારવાની જરૂર છે, ત્યારે હવે ફીરકા તફરકા વધારવાની કોશેશ કરી, નવી ભુલો ઉમેરવી, એ ડહાપણનું કામ નથી.

ચાલતાં ચાલતાં, આ અગત્યની સૂચના વિષે, થોડું વિવેચન કર્યા પછી, પાછા અમે અમારી **ચોખવટ નંબર પેહેલા** ના નિર્ણય ઉપર આવવા કોશેશ કરશું.

ખાકે શફા, અને આબે શફા, ઘટપાટ, નિઆજ, એ ક્રિયા, **માર્ગી** પંથમાંથી નીકળી નથી, **અને** દાખલા તરીકે, હિંદુભક્તો વગેરેનાં નામો છતાં, માર્ગી પંથની ક્રિયા સાથે, તેને કાંઇપણ લાગતું વળગતું નથી તેમ હાલ આપણને એ સવાલ સંબંધી વધારે ઉંડા ઉતરવાની જરૂર પણ નથી. હાલ જરૂર માત્ર એટલુંજ જોવાની છે કે, માનવંતા પીર સહરદીને દાખલ કરેલી ખાકે શફા, આબે શફા, ઘટપાટ નિયાજની પાક ક્રિયા ઇસના અશરીઓમાં હસ્તી ધરાવે છે કે **શીઆ ઇમામી ઇસ્માઇલીઓમાં** હસ્તી ધરાવે છે? આ બાબતની ચોખવટ થવાથી સાબીત થશે કે, માનવંતા પીર સહરદીને ખોજાઓને કયા મઝહબમાં દાખલ કીધા હતા.

ખાકે શફા, આબે શફા, ઘટપાટ નીઆજની ક્રિયા, ઇસના અશરીની કોઇપણ મસજીદમાં. તથા કોઇને ઘેરપણ થતી જોવામાં આવી નથી, તેમ એ ક્રિયાને લગતી બંદગી પણ, કોઇ ઇશના અશરીએ કદીપણ કીધી હોય, અથવા કરે, એ માનવા જોગ નથી. પણ એ પાક ક્રિયા **શીઆ ઇમામી ઇસમાઇલી** એોમાં ઘણી પવિત્ર ક્રિયા તરીકે, આખી દુનીઆના **શીઆ ઇમામી ઇસમાઇલી** જમાત ખાનામાં, હમેશાં થતી આવી છે, અને હજી પણ ચાલુ છે.

આ ઉપરથી સાબીત થાય છે કે, મહાન ગ્નોધગુરૂ પીર સદરદીને હિંન્દુઓને "ખોજા" ના માનવંતા લકબથી શીઆ ઈમામી ઇસમાઈલી મઝહબમાંજ દાખલ કીધા હતા. માટે ખોજા લકબ શીઆ ઇમામી ઇસમાઈલીઓનેજ ધટારત તથા સજાવાર છે. માનવંતા પીર સદરદીને ખોજાઓને ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હોય, અથવા, તેઓ પોતે ઇસનાઅશરી હોય, એ દલીલ, આ મહાન બુઝરગી ધરાવનાર અને ગુરૂ શ્રદ્ધાને મજબૂત કરનાર, પાક ખાકે શફા, આબે શફા, ઘટપાટ, નીઆજ, નીયમની ક્રિયાની ચોખવટ કરતાં, તુટીને જમીન દોસ્ત થઈ જાય છે.



ચોખવટ નંબર બીજો.

શીઆ ઇમામી ઇસમાઇલી દૂઆની સાબેતી.

હુસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પા. ૧૨૫.

મજકુર પુસ્તકને। રચનાર એ પુસ્તકના પાના ૧૨૫ માં માનવંતા પીર સદરદીન સાહેબે, **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબના મુરીદો માટે જે દુઆ રચી આપી છે, તેના ફકરા ટાંકી દેખાડે છે, તે નીચે મુજબ છે.

" હઝરત, શુજરક, પાક પરવરદીગાર, દેલમદેશ, માનખા વેશ, ખંડ એરાક, સીતોતેર પાત્ર, અડતાલીસમો ઇમામ, દસમો નકલંકી અવતાર, મૌલાના આગા સુલતાન મહમદ શાહ."

" હક મૌલાના શાહ, આગા સુલતાન મહમદશાહ દાતાર, અનંત કરોડીઉં તારણહાર, હાજર જામેનો ધણી, ખીસે અમર પુઠીઆ, શાહ, તોજે દરગાહમેં કબુલ કર, મૌલાના આગા સુલતાન મહમદ શાહા."

હસનબિન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાનું ૧૪૫-૧૪૬.

મજકુર પુસ્તકના પાનાં ૧૪૫ માં એજ પુસ્તક કર્તા લખે છે કે " માર્ગી લોકોના મંદીરોમાં દરરોજ સંધ્યા કાળે આરતી ભણવાની

ક્રિયા થાય છે. માર્ગી સાધુ, આરતી નામથી પ્રચલીત થએલા કેટલાક ભજનો મંદિર મુર્તિઓને સંબોધીને બોલે છે. આ સિદ્ધાંત હાઇઓએ કબુલ રાખી, પોતાના મુરીદોમાં, દરરોજ, સંધ્યાકાળે, આરતી કરવાનું ઠેરાવ્યું " દરેક હિન્દી ઇસમાઇલી દરરોજ સંધ્યા વખતે રોજીંદી "દુઆ" નામની બંદગી પઢતા પૂર્વે, નીચેનું આરતીનું જ્ઞાન બોલે છે પુસ્તક કર્તા નીચેની મતલબના જ્ઞાનના પાઠો રજુ કરે છે.

આરતીનું જ્ઞાન.

એજી સેહેતર દીપમાં શાહ જાહેર બેઠા.
સાંજ સબુ નીત જંપો મેરા ભાઇ
આરતી કીજે નકલંક તણીજી.
સતગુરૂ સોહોદેવે રાહ બતાઇ,
બારગુર પીર સદરદીને દીસે બતાઇ—આરતી કીજે
એજી, અજપેઆ જાપ મુનીવરે જાણ્યા,
લખ ચોરાશી, જીવના ફેરા ટાળેઆ—આરતી કીજે
એજી, અમરલોક મુનીવરે જાણ્યા,
એકોતેર પુરીઆ જીવના ઉધારેઆ—આરતી કીજે
એજી, અથર વેદ માંહે જે કોઇ માહેર
દસમાંહે, દીન દયાળ પ્રભુ બેઠા જાહેર.—આરતી કીજે
એજી, મત કોઇ લાજ કરો હરીજન,
ભક્તિ કરો, આછે મન તન—આરતી કીજે
એજી, ખટ દરસનતો સુન પુજાએ
સતપંથ ધરમકો મરમ ન પાએ—આરતી કીજે

એજી, સતપંથ ધરમ. આરાધો, મોરા ભાઇ
તો અનંત કોડી જીવને હુકછે વધાઇ—આરતી કીજે
એજી, ચેતણુ હારા તમે ચેતો મોરા ભાઇ
કહે ગુરૂ સોહદેવ, કરી લીઓ કમાઇ—આરતી કીજે
એજી ભણે પીર સદરદીન, સુણો મોમન ભાઇ
ગાફલ દુનીઆ શાહકો મરમ ન પાએ—આરતી કીજે

પુસ્તક રચનાર પોતેજ કબુલ કરે છે કે, માનવંતા પીર સદરદીને મજકુર દુઆના ફકરા ભણવા પોતાના અનુયાયિઓને શિક્ષણ આપ્યું હતું અને દરેક **હિન્દી ઈસમાઈલી**, દરરોજ, સંધ્યા વખતે, રોજીંદી દુઆ નામની બંદગી પઢતા પૂર્વે, **આરતીનું** જ્ઞાન બોલે છે, છતાં, અજબ જેવી વાત છે કે, ખોજાઓને પીર સદરદીને ઇસના **અશરી** મઝહબમાં દાખલ કીધા એવી તેમની માન્યતા કેમ થવા પામી છે? અમે વાંચનારાઓને સુચના કરવા દુરૂસ્ત ધારીએ છીએ કે, મજકુર દુઆ ઇસના અશરીઓમાં પઢાય છે કે શીઆ **ઈમામી ઈસમાઈલીઓમાં** પડાય છે, તે બાબત તેઓએ સ્વતંત્રપણે શોધ કરવી. **હાજી બીબી** વિરૂદ્ધ **નામદાર આગાખાન** તથા બીજાઓ એ નામનો કેસ, નંબર ૭૨૯, ઈ. સ. ૧૯૦૫, મુંબઇની હાઈકોર્ટમાં, નામદાર જજ ઓનરેબલ જસ્ટીસ **મી.** રસલ સમક્ષ ચાલતો હતો ત્યારે ફાજલભાઈ જુમાભાઇ લાલજી નામે એક ઇસના અશરી ગ્રહસ્થને પોતાની જબાનીમાં સત્યતા જણાવી દેવાની જરૂર પડી હતી. તેઓએ જબાનીમાં કબુલ કીધું હતું કે “ દુઆ કોઇ ઇસના અસરી પઢેજ નહીં, અને જે દુઆ પઢતો હોય, તે ખોજા ઇમામી ઈસમાઇલી હોવો જોઇએ.” ઉપરના ફકરા **શીઆ ઈમામી** ઈસમાઈલી બંદગીમાંજ સમાએલા છે, અને શીઆ **ઇમામી** ઇસમાઇલીઓ પોતાની રોજીંદી બંદગીમાં દીવસમાં, ત્રણ વખત, એ “ દુઆ ” ભણે છે. કોઈપણ ઈસના અશરી પોતાની કોઇપણ મસજીદમાં, અથવા ખાનગી, ઘર આગળ

ઉપરના ફકરા સમાએલી "દુઆ" ની બંદગી ગુજારતો અમારા અનુભવવામાં આવ્યો નથી. જો કોઇ ઠેકાણે ઇસના અશરી મજહબનો કોઇ માણસ મજકુર બંદગી ગુજારતો આ પુસ્તક કર્ત્તા શોધી શકે, તો તેઓની વિચિત્ર નવી માન્યતાને કાંઇક થીગડું આવી શકે. માનવંતા પીર સદરદીન સાહેબે હિંદુઓને "ખોજા" ના માનવંતા લકબથી શીઆ ઇમામી ઇસમાઇલી દીનમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ શીઆ **ઇમામી ઇસમાઇલી** મઝહબ પાળનારને ઘટારત તથા સજાવાર છે.

પંજાબના "અમૃતસર" નામે શેહેરમાં પ્રગટ થતું "વકીલ" નામનું ઉરદુ ભાષામાં વર્ત્તમાન પત્ર, "તા. ૩૦ મી માર્ચ ૧૯૧૨ ના અંકમાં, લખે છે કે આગાખાની ફીરકાવાળા નીચે પ્રમાણે પોતાની નમાઝ પડે છે.

"નમાઝ પડો, નમાઝ પડો, નમાઝ પડો, ખુદા તુમ્હેં બરકત દે. ખુદાકા નામ લો. ખુદાવંદ શાહ અલી, તુમ્હેં ઇમાન ઓર ઇખલાક દે અએ શાહ, મેરી શામકી નમાઝ ઔર દુઆ કબુલ ફરમાઇએં. મૈં ઉસ હકકા વાસ્તા દેતા હું, જો તુજે હાસલ હએ. અએ હમારે આકા આગા સુલતાન મહમદ શાહ."

ઇસકે બઅદ, સર બસુજુદ હો જાઓ. અગર રાતકી નમાઝ હએ, તો યું કહો, "મેરી શામ ઔર રાતકી દુઆએ" ઔર અગર સુબોહકી નમાઝ હએ તો, ઇસતરહ કહેના ચાહીએ "મેરી શામકી, રાતકી, ઔર સુબોહકી દુઆએં.

દુ બારાહ, તસબીહ પડો, ઔર સુજદા કરો, ઔર, મુનદરજે ઝૈલ વીર્દ પડો.

---

૧. ઇખલાક–નેક નીતિ. ૨. આકા–માલેક. ૩. સર–માથું. ૪. બસુજુદ–સુજદામાં. ૫. મુનદરજે–લખ્યા માફક. ૬. ઝેલ–નીચે. ૭. વીર્દ–દુઆ.

મૈં અપને ગુનાહોં પર નાદમ હું, મૈં તેરા સરાપા તકસીદાર ગુનેહગાર બંદાહું. અયે ગફુરે રહીમ, શાહ, મેરે ગુનાહ મુઆફ કર. પીર તેરી ઇબાદત કરતે હુએ, બંદા દુઆ માંગતા હુએ, અયે સચ્ચે શાહ, તુ મંજુર કરનેવાલા હુએ. મૈં શાહ કે ઉસ ફરમાન કો, બ સરો ચશ્મ, કબુલ કરતા હું, જો પીરકે ઝરીએ મુજકો પહોંચા હુએ."

યેહ કેહ કે, તસબીહકો ઝમીન પર રખો; ઔર મુતખલ્લહે ઝેલ, વીર્દ કરો.

"અશાહદો, સુબહાનલ લાહ, અલહમ્દો લિલ્લાહ, લા ઇલાહા ઈલલ્લાહ, અલ્લાહો અકબર, લા હૌલ વ લા કુવ્વત, ઈલ્લા બિલ્લાહીલ, અલીયુલ અઝીમ, અર રહમાન, ઝોલ જલાલ, વલ ઈકરામ. ઇન સીફાતે કામેલાસે મૌસુફ, કુદ્દુસે કાદરે મુતલક, ખુદા, ઇનકે ઝીલે ચાલદીઆમેં ઈનસાની સુરત લીએ હુએ, સીત્તોતેર પતરોં (અસલાફ) કે અસલાબસે, નીકલા, અડતાલીસવાં ઇમામ, દસવાં નકલંકી અવતાર, હમારા ખુદાવંદ આગા સુલતાન મહુમદ શાહ દાતા."

ઇસકે બઅદ, ફીર સીજદા કરો, ઔર યેહ કહો;

"હક યા શાહ," (યઅને, અયે શાહ, તુમ સચ્ચે હો) ફીર વિશનુકે અસલાફ ઔર શાહ કે ખુલફા, ઔર કાયમ મકામોં કે અસમાએ ગીરામીકા વઝીફા પડો, વિશનુકે અસલાફ કે નામ યેહા પડો.

શાહકે ખુલફા, અબુ તાલેબકી ઔલાદ, હસ્બે ઝેલ હૈ.

---

૧. નાદમ-પસ્તાવું. ૨. ગફુર-માફ કરનાર. ૩. રહીમ-રહેમકરનાર. ૪. સરો ચશ્મ-ખુશીથી. ૫. ઝરીએ-મારફતે. ૬. મુતખલ્લહે-માફક. ૭. ઝેલ-નીચે. ૮. ઇન-આ. ૯. સીફાત-વિશષણો. ૧૦. કામેલા-પૂર્ણતા. ૧૧. મૌસુફ-ભરેલો. ૧૨. કુદ્દુસ-પાક. ૧૩. કાદર મુતલક, મહાન શકિતવાન. ૧૪. ચાલદીઆ-દેહમંદેરા. ૧૫. અસલાફ-વંશ, પેઢી. ૧૬. અસલાબ-ફુળે પીઢિ. ૧૭. ખુલફા-વંશજો. ૧૮. કાયમ મકામ-ગાદીનશીન. ૧૯. અસમા-નામ. ૨૦. ગીરામી-ઇજતદાર. ૨૧. વઝીફા-દુઆ. ૨૨. હસ્બે-પ્રમાણે. ૨૩. ઝેલ-નીચે.

(૧) હમારા સચ્ચા ખુદાવંદ, શાહ અલી,
(૨) ,, ,, ,, શાહ હુસેન
(૩) ,, ,, ,, શાહ ઝેનુલ આબેદીન
(૪) ,, ,, ,, શાહ મહમદ બાકર
(૫) ,, ,, ,, શાહ જાફર સાદેક
(૬) ,, ,, ,, શાહ ઇસમાઇલ
(૭) ,, ,, ,, શાહ મહમદ બીન શાહ ઇસમાઇલ
(૮) ,, ,, ,, શાહ વફી અહમદ
(૪૭) ,, ,, ,, શાહ આગા અલીશાહ
(૪૮) ,, ,, ,, શાહ આગા સુલતાન મહમદ શાહ દાતા

મૌજુદા ઇમામતકા માલેક, ખુદાવંદે જમાન, ઇમામ, શૈખુલ મશાયેખ, ઇમામતકી કુવ્વત રખનેવાલા; ઇઅતકાદ કરો, આગા સુલતાન મહમદ શાહા દાતા, બેશુમાર કરોડોં ઇનસાનોંકા દસ્તગીર, મૌજુદા ઇમામતકા માલેક, અએ શાહ, ઉસ હકકે વાસ્તે, જો તુજકો હાસલ હુએ, અપને હુઝુરમેં મેરી દુઆ મનઝુર ફરમાઇયે. અએ હમારે ખુદાવંદ. આગા સુલતાન મહમદ શાહ."

(અપૂર્ણ ; અધુરી)

વકીલ તા. ૩૦ મી માર્ચ ૧૯૧૨.

માનવંતા પીર સદરદીન, ઇસના અશરી હતા અને તેઓએ ખોજાઓને ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હતા, એવી માન્યતા પ્રગટ કરનારની દૃષ્ટિ ખોલવાની અમે અમારી ફરજ સમજતા હોવાથી, આ

૧. મૌજુદા–હાલની ૨. શૈખુલ મશાયેખ–રસ્તો દેખાડનારાઓનો સરદાર.
૩ દસ્તગીર–હાથ પકડનાર ; તારણ કરનાર ;

ઠેકાણે અમે તેમંને સુચના કરવા દુરૂસ્ત ધારીએ છીએ, કે માનવંતા પીર સદરદીને શીખવેલી મજકુર મતલબની દુઆની નમાઝ, તેઓએ પહેલાં પોતાની જીંદગીમાં દાખલ કરવી જોઇએ, અને, ત્યારબાદ, માનવંતા પીર સદરદીન ને હાથે બોધ પામેલા મુરીદ તરીકેનો દાવો કરવા નીકળવું જોઇએ. જ્યાં સુધી માનવંતા પીર સદરદીનના શિક્ષણને તાબે થવામાં આવે નહીં, ત્યાં સુધી, તેઓથી બોધ પામેલા મુરીદોમાં પોતાને ગણાવવા જગતમાં બહાર પડવું એ પોતાનીજ પ્રતિષ્ઠા ઉતારી પાડવા જેવું છે;

ચોખવટ નંબર ત્રીજો.

શીઆ ઇમામી ઈસમાઇલી પાક ઇમામોની સાબેતી.

હુસન બિન સબ્બાહ, તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પા. ૧૧૪-૧૧૫-૧૧૬.

મજકુર પુસ્તક રચનાર પોતાના મજકુર પુસ્તકના પાના ૧૧૪ માં લખે છે કે "સદરદીન નામના એક અદ્ભુત હાઇએ પુષ્કળ ભજનો બનાવી બળવાન યુક્તિથી માર્ગી હિંદુઓને ઇસલામનો કલમો પડાવ્યો છે. તેણે ભવિષ્યવાણીના ભજનોમાં જે "દેલમ દેશ" માં નકલંકનો અવતાર થયો છે, એમ લખ્યું છે, તે "દેલમ દેશ" ઇરાનનો એક ભાગ છે, જેમાં "આલમોત" નો કિલ્લો આવેલો છે.

ત્યારબાદ પુસ્તક કર્ત્તા નીચેની મતલબના જ્ઞાનના પાઠ રજુ કરે છે.

જ્ઞાનના પાઠ (અ)

ત્યારે, સુણો રખીસરો, બોલ્યા ગુર સોહદેવ
વળી વાત પ્રગટ કરૂં છું તતખેવ

ત્યારે દસમો અવતાર ધર્યો મોરાર
નકલંક અવતાર ધરેઓ કીલતાર
આદ વિષ્ણુ તે " નર અલી " જાણુ
ગુર બ્રહ્મા તે " નબી મહુમદ " જાણુ
લાગ્યો કલજુગ, ને હુઓ અથર વેદ
તેનો મરમ ન જાણે કોઇ ભેદ
ઈશ્વર તેના " આદમ " હુઆ નામ
વેદ પરમાણે કહું નીરવાણ
સેંતર દીપ, એશક ખંડ, દેલમ દેશ
તીઆં દશમે અવતારે, " અલી, " માનખા વેશ

મજકુર જ્ઞાનના પાઠો આપી લેખક લખે છે કે:—

" ઉપરના ઇન્તેખાબ કરી લખેલા પાઠોમાં સતગુરૂને દાન આપવાનું, પશ્ચિમ દિશા તરફ બેસીને બંદગી કરવાનું, નાત ગતથી પાપ મુકત કરાવવાનું, સત્ય ગુરૂને મુખે દાન આપવાથી લાખ ગણો સવાબ મળવાનું, " દેલમ " નગરીમાં દશમો અવતાર ધરવાનું કામ જણાવ્યાનું, શ્રી બુદ્ધના મુખથી, દાઇએ એમ કહેલું જણાવ્યું છે કે, દશમો અવતાર દેલમ દેશમાં ગુપ્તપણે લઇશ. તેઓએ જણાવેલું કે, નવમા અવતાર બુધ પછી, ખુદાએ **હજરતઅલી** રૂપે અવતાર લીધો છે. **હજરતઅલી** તે **પેહેલા ઈમામ** તથા છેલ્લા પેગંબર સાહેબના ભાઇ થાય છે. માત્ર હજરતઅલીજ ખુદા, એમ તેઓએ જણાવ્યું નહીં, પણ **હજરતઅલીની** ઓલાદમાં, ખુદા અનુક્રમે ખુદાઇ અવતાર લેતો આવે છે, અને તે કીઆમત સુધી લેતોજ રહેશે, એમ જણાવ્યું. દસમો અવતાર **હજરતઅલી**, તથા તેની ઓલાદમાં વંશપરંપરા ખુદાઇ અવતાર હોવાનું દાઇઓએ જણાવેલું છે, અને તેને અનુસરીને પુષ્કળ

જ્ઞાનોમાં તેના છચોક ઈશારાઓ આપવામાં આવેલા છે, તેના કેટલાક નમુનાના પાઠો અહીં આપવા પ્રસંગોપાત થઈ પડશે."

અહીં પુસ્તક કર્તા નીચેની મતલબના જ્ઞાનના પાઠો રજુ કરેછે.

જ્ઞાનના પાઠ (બ)

શાહ બેઠા, પચ્છમ દેશ, અજમી રૂપેજી
શાહ બોલે છે ફારસી વેણ, સેંતર દીપેજી
એજી, તેનું શેહેર "બાબક" માંહે ઠામ, પરતક રૂપેજી
તેનું "શાહ અબલ હુસનઅલી" નામ, સુંદર રૂપેજી
એજી, જંપીએ તેનું નામ, અલખ છે આપેજી
ઈ પુરેછે મનડાની હામ, દરશન આપેજી

જ્ઞાનના પાઠ (ક)

એજી ઉંચા ઉંચા ડુંગરા દીસેરે ડરામણા
ત્યાં વાય છે ટાઢા હેમાચળના વાય.
એજી શાહીને દરગાહી, મીલી, દરગે પોહોંતા
જઇ પોહોંતા "કેક" નગરી માંહે
"કેક" નગરી દીસે અતિ રળીઆમણી

ત્યાં બેઠા આપણા ત્રીભોવર શામ
થાળ ભરાવો, વીર, સગ મોતીએ
વધાવો આપણા ત્રીભોવર શામ

ચોઘડીઉં. (૬)

આસાજી, સચો તું અલખ નિરંજન, અગમ અગોચર
સુનકાળે, સામી, તું રમત રમેયો
આસાજી, અહંકાર મધે, શાહ અલી, સોહેંજેથી ઉપનું
ઓણીઆદે આદ, શાહજો નામ ભણેયો
આસાજી, ઇંડ સેવી, શાહ મોરે સ્રેસ્ટી રચાયા
સ્રેસ્ટી ફીસતાર, સામીજી, વિશન ભણેયો
આસાજી, આસણ કરી, જુગમાંહે ભલે બેઠા શાહા,
અનંત રૂપે, સામી, તું ચલત્ર કીયો
આસાજી, જુગપર છાનું રાજા, ગતીયેં કે લખાયાંઇ
હેક મને રીખીએ જાણ કરીઓ
આસાજી, મચ્છ, કોરંભ, વારાહ, ભણાયાંઇ
નરસીંહ રૂપે, સામીજી, વિશન ભણેઓ
આસાજી, વાયમન, ફરસીરામ, સોઇ અવતરેઓ
શ્રી રામે લંકા ગઢ લીઓ
આસાજી, કાનજી, બુધ્ધ, શાહા દખણ અવતર્યો
અઢાર ઓણી શાહા નરે ડારેઓ
આસાજી સોએ શાહા, પશ્ચિમે પાત્ર નકલંકી નારાયણ

" દેલમ " દેશમેં શાહુજો થાન રચેઓ
આસાજી, કરોડીઉં, પંજ, સત, નવ, બાર, અનંત શાહુ તારીધા
શ્રી " ઈસલામ શાહુ " શાહુજો નામ ભણેઓ

માનવંતા પીર સદરદીન સાહેબે પોતાના વખતના પાક હાજર ઈમામના વતન તરીકે " દેલમ દેશ " " કેક " " બાબક " વગેરે શેહેરોનું વર્ણન આપેલું છે, અને પોતાના વખતના પાક હાજર ઈમામ તરીકે ઇસમાઈલી ત્રીશમાં પાક ઈમામ શ્રી " ઈસલામ શાહા "નો સ્વીકાર કરેલ છે. જો અમારા માનવંતા ઇનસાફી વાંચનારા સ્વતંત્રપણે બરાબર તપાસ કરશે, તો નકી સાબેત થશે કે મજકુર વર્ણવેલાં શેહેરો ફકત ઈસમાઈલી ઇમામોને લગતાં છે. એ શેહેરોમાં કોઈ પણ ઈસનાઅશરી ઇમામ રહેતાજ નહીં હતા. પાક ઈમામ શ્રી " ઈસલામ શાહા " શીઆ ઇમામી ઈસમાઇલી મઝહબના પેશવા હતા, અને માનવંતા પીર સદરદીનના વખતના હાજર ઈમામ હતા. અમારા તરફની આ ચોખવટ સાબીત કરવાને અસંખ્ય પુરાવા મૌજુદ છે. પરંતુ વધારે લંબાણમાં દુર નહીં જતાં, એજ પુસ્તક કર્તા તરફથી આ સાલમાંજ બહાર પડેલી "ખોજા કોમની તવારીખ"ના પાનાં ૨૭૭ નું લખાણ અતરે રજુ કરીએ છીએ.

ખોજા કોમની તવારીખ.

પાન. ૨૭૭.

પીર સદરદીન.

તેઓ, પીર નુર સતગુરના વંશમાંથી હોઇ, મીશનરી કામમાં, પ્રવિણ હતા. ખોજાઓને મુસલમાન બનાવવાના પીર નુર સતગુરે આરં-

ભેલા કોમને તેઓએ ઘણી મદદ કીધી હતી. પુષ્કળ લોહાણાઓને, સીંધમાં, હિંદુ મત છોડાવી, મુસલમાન ખોજા કીધા. પેહેલ વેહેલું જમાત ખાનું, તેમણે, સિંધમાં કોટડા ગામમાં સ્થાપન કીધું. દશોંદ માટે ઝોળી ફેરવવાનો તેમણે ધારો ઠેરાવ્યો. તેમને ઇમામ ઇસલામ શાહ તરફથી ચાર અલકાબ મળ્યા હતા. (૧) સદરૂદદીન, (૨) સોહેદેવ (૩) બારગુર (૪) હરીશ્ચંદ્ર

"તેઓ દરવીશી કરતા, ઇરાનમાં ગયા. શેખ સનાહ તથા શેખ અતારની મારફત, ઇમામ ઇસલામ શાહને તેઓ ભેટ્યા, અને ત્યાંથી કાશમીર તથા મુલતાન તરફ આવ્યા. તેઓ બીજી વખત છત્રીશ કરોડ (છત્રીશ કુંટુંબો હશે.) મુરીદોને લઇ, ઇરાનમાં "કેક" તરફ ઇમામ ઇસલામ શાહની ભેટ લેવા ચાલ્યા. છત્રીશ કુટુંબો પૈકી ૨૪ કુટુંબોએ દશોંદ આપવા નકાર કીધો, અને માત્ર ૧૨ કુટુંબોએજ દશોંદ આપી. આ ઉપરથી, આ પીર, બારગુર કેહેવાય છે. તેઓની વફાત ઉચમાં થઇ, અને જેતપુર નામના પંજાબના ગામમાં તેમને દફનાવવામાં આવ્યા છે. સીંધમાં ખોજાઓએ તેમનાપર રોજો ચણાવ્યો છે. આ પીરના રચેલા ધર્મશાસ્ત્ર ખોજાઓ બહુજ માનથી વાંચે છે, અને તેમના નામને બહુજ માન આપે છે."

મજકુર ખોજા કોમની તવારીખના પા. ૧૩૫ માં ઇસના અશરી બાર ઇમામોનો કોઠો તથા તેજ પુસ્તકના પાના ૨૦૨ થી પાનાં ૨૦૫ સુધી (ઇસમાઇલી) નીઝારી ઇમામોનો કોઠો, એજ લેખક આપે છે, જે અમારા વાંચનારા માટે નીચે દાખલ કરીએ છીએ.

ખોજા કોમની તવારીખ.

પા. ૧૩૫.

ઈસના અશરી ઇમામોની મુદ્દત બતાવનાર કોઠો.

ઇસના અશરી બાર ઇમામનાં નામ.	ઇમામ થયા. હી. સ.	ઇ. સ.	વફાત પામ્યા. હી. સ.	ઇ. સ.	કયાં દફન થયા.
૧ અલી.	૧૧	૬૩૨	૪૦	૬૬૦	નજફ
૨ હુસન.	૪૦	૬૬૦	૪૯	૬૬૯	મદીના
૩ હુસેન.	૪૯	૬૬૯	૬૧	૬૮૦	કરબલા
૪ ઝંએનુલઆબેદીન	૬૧	૬૮૦	૯૪	૭૧૩	મદીના
૫ મોહમદ બાકર.	૯૪	૭૧૩	૧૧૪	૭૩૨	મદીના
૬ જાફર સાદક.	૧૧૪	૭૩૨	૧૪૮	૭૬૫	મદીના
૭ મુસા કાઝમ.	૧૪૮	૭૬૫	૧૮૩	૮૦૦	કાઝમીન
૮ અલી રઝા.	૧૮૩	૮૦૦	૨૦૩	૮૧૯	તુસ
૯ મોહમદ તકી.	૨૦૩	૮૧૯	૨૨૦	૮૩૫	કાઝમીન
૧૦ અલી નકી.	૨૨૦	૮૩૫	૨૫૫	૮૬૮	સામરા
૧૧ હુસન અસકરી	૨૫૫	૮૬૮	૨૬૦	૮૭૪	સામરા
૧૨ મોહમદ મહદી.	૨૬૦	૮૭૪			

આ કોઠામાં ઘણી બારીકીથી તપાસ કરતાં પણ, નામવર પીર સદરદીને દેખાડેલા ઇમામ, શ્રી કાસલામશાહનું નામ દેખાતું નથી, તેથી સિદ્ધ અને પુરવાર થાય છે કે, માનવંતા પીર સદરદીને ઇશનાઅશરી મઝહબ દેખાડયો નથી. તેમ પોતે પણ ઈશનાઅશરી નહીં હતા. હવે એજ

“ ખોજા કોમની તવારીખમાં ” થી પાના ૨૦૨ થી ૨૦૫ સુધી જે (ઇસમાઈલી) નીઝારી ઇમામોનો કોઠો આપવામાં આવ્યો છે, તે નીચે ઉતારીએ છીએ.

ખોજા કોમની તવારીખ.

પા. ૨૦૨ થી ૨૦૫

(ઇસમાઈલી) નીઝારી ઇમામોની મુદ્દત બતાવનારો કોઠો.

નીઝારી ઇમામોના નામ.	ઇમામ થયા. હી. સ.	ઈ. સ.	વફાત પામ્યા. હી. સ.	ઈ. સ.	
૧ અલી	૩૫	૬૫૫	૪૦	૬૬૦	
૨ હુસેન	૪૦	૬૬૦	૬૧	૬૮૦	
૩ ઝએનુલ આબદીન	૬૧	૬૮૦	૯૪	૭૧૩	
૪ મહુમદ બાકર	૯૪	૭૧૩	૧૧૪	૭૩૨	
૫ જાફર સાદક	૧૧૪	૭૩૨	૧૪૮	૭૬૫	
૬ ઇસમાઇલ	૧૪૮	૭૬૫	૧૫૮	૭૭૫	
૭ મહુમદ	૧૫૮	૭૭૫	૧૯૭	૮૧૩	
૮ રઝી અબ્દલા	૧૯૭	૮૧૩	૨૧૨	૮૨૮	વફી અહુમદ
૯ તકી અહુમદ	૨૧૨	૮૨૮	૨૨૫	૮૪૦	તકી મહુમદ
૧૦ ઝકી અબ્દલ્લા	૨૨૫	૮૪૦	૨૬૨	૮૭૬	રઝી અબદલા
૧૧ અબદલ્લા મહદી	૨૬૨	૮૭૬	૩૨૨	૯૩૪	મહદી મહુમદ
૧૨ કાયમ	૩૨૨	૯૩૪	૩૩૪	૯૪૫	

નીઝારી ઈમામોના નામ.		ઈમામ થયા. હી. સ.	ઈમામ થયા. ઈ. સ.	વફાંત પામ્યા. હી. સ.	વફાંત પામ્યા. ઈ. સ.	
૧૩	મનસુર	૩૩૪	૯૪૫	૩૪૧	૯૫૨	
૧૪	મોઅેઝ	૩૪૧	૯૫૨	૩૬૫	૯૭૫	
૧૫	અઝીઝ	૩૬૫	૯૭૫	૩૮૬	૯૯૬	
૧૬	હાકેમ	૩૮૬	૯૯૬	૪૧૧	૧૦૨૦	
૧૭	ઝાહેર	૪૧૧	૧૦૨૦	૪૨૭	૧૦૩૫	
૧૮	મુસ્તનસર	૪૨૭	૧૦૩૫	૪૮૭	૧૦૯૪	
૧૯	નીઝાર	૪૮૭	૧૦૯૪	૪૯૦	૧૦૯૭	
૨૦	હાદી	૪૯૦	૧૦૯૭	૫૩૦	૧૧૩૫	
૨૧	મોહતદી	૫૩૦	૧૧૩૫	૫૫૨	૧૧૫૭	
૨૨	કાહેર	૫૫૨	૧૧૫૭	૫૫૭	૧૧૬૨	
૨૩	આલા ઝીકરુસ્સલામ	૫૫૭	૧૧૬૨	૫૬૧	૧૧૬૬	
૨૪	મહમદ	૫૬૧	૧૧૬૬	૬૦૭	૧૨૧૦	આલા મહમદ
૨૫	જલાલુદીન	૬૦૭	૧૨૧૦	૬૧૮	૧૨૨૧	ખુદ જલાલુદીન હસન
૨૬	અલાઉદ્દીન	૬૧૮	૧૨૨૧	૬૫૩	૧૨૫૫	અલાઉદ્દીન મહમદ
૨૭	રૂકનુદીન	૬૫૩	૧૨૫૫	૬૫૪	૧૨૫૬	રૂકનુદીન ખુરશાહ
૨૮	શમશુદીન	૬૫૪	૧૨૫૬	૭૧૦	૧૩૧૦	શમસદીન મહમદ
૨૯	કાશમ શાહ	૭૧૦	૧૩૧૦	૭૭૧	૧૩૭૦	
૩૦	ઇસલામ શાહ	૭૭૧	૧૩૭૦	૮૨૭	૧૪૧૪	
૩૧	મહમદ	૮૨૭	૧૪૨૪	૮૬૮	૧૪૬૪	
૩૨	મુસ્તાનસર	૮૬૮	૧૪૬૪	૮૮૦	૧૪૭૬	
૩૩	અબ્દુસલામ	૮૮૦	૧૪૭૬	૮૯૯	૧૪૯૪	
૩૪	ગરીબમીરઝા	૮૯૯	૧૪૯૪	૯૦૨	૧૪૯૭	

૩

નીજારી ઇમામોના નામ.	ઈમામ થયા. હી. સ.	ઇ. સ.	વફાત પામ્યા. હી. સ.	ઈ. સ.	
૩૫ ખુદર અલી	૯૦૨	૧૪૯૭	૯૧૫	૧૫૦૯	
૩૬ મુરાદ મીરઝા	૯૧૫	૧૫૦૯	૯૨૦	૧૫૧૪	
૩૭ ઝુલફીકાર અલી	૯૨૦	૧૫૧૪	૯૨૨	૧૫૧૬	
૩૮ નુરદીન અલી	૯૨૨	૧૫૧૬	૯૫૭	૧૫૫૦	
૩૯ ખલીલલ્લાહ અલી	૯૫૭	૧૫૫૦	૯૯૩	૧૫૮૫	
૪૦ નીઝાર	૯૯૩	૧૫૮૫	૧૦૩૮	૧૬૨૯	
૪૧ સૈયદ અલી	૧૦૩૮	૧૬૨૯	૧૦૭૧	૧૬૬૧	
૪૨ હસન અલી	૧૦૭૧	૧૬૬૧	૧૧૦૬	૧૬૯૫	
૪૩ કાસમ અલી	૧૧૦૬	૧૬૯૫	૧૧૪૩	૧૭૩૧	
૪૪ અબુલ હસન	૧૧૪૩	૧૭૩૧	૧૧૯૪	૧૭૮૦	
૪૫ ખલીલલ્લાહ અલી	૧૧૯૪	૧૭૮૦	૧૨૩૩	૧૮૧૭	
૪૬ હસનઅલી શાહ	૧૨૩૩	૧૮૧૭	૧૨૯૮	૧૮૮૧	
૪૭ અલીશાહ	૧૨૯૮	૧૮૮૧	૧૩૦૨	૧૮૮૫	
૪૮ મહુમદ સુલતાન	૧૩૦૨	૧૮૮૫	વિદ્યમાન	વિદ્યમાન	સુલતાન મહુમદ શાહ

મજકુર કોઠામાં સહેજ નિગાહ ફેરવતાં માલુમ પડશે કે, ઇમામ શ્રી ઇસલામ શાહનું નામ, ત્રીસમા નંબરમાં બીરાજે છે. માનવંતા પીર સદરદીને ઇમામ શ્રી ઈસલામ શાહ દેખાડેલા છે. એ પુસ્તક કર્તાના લખવા પ્રમાણેજ, પીર સદરદીન, એક વખત, શેખ સનાહ તથા શેખ અતારની મારફતે, તથા બીજી વખતે, છત્રીશ ક્રોડ મુરીદોને લઇ, ઇરાનમાં "કેક" નગરીપાસે ઈમામ ઇસલામ શાહને ભેટયા. ઈમામ ઇસલામ શાહ માનવંતા પીર સદરદીનના જમાનામાં હાજર ઇમામ હતા. માનવંતા પીર સદરદીન પોતાના વખતના હાજર ઇમામ

શ્રી ઇસલામ શાહ પાસે મુરીદોને લઈ ગયા હતા. તે બીના કાંઈપણ શક વગર પુરવાર કરે છે કે તેઓ **શીઆ ઈમામી ઈસમાઈલી** હતા.

જો માનવંતા ઓધગુરૂ પીર સદરદીન **ઇસના** અશરી હોત, અને તેઓએ ખોજાઓને **ઇસના અશરી** મઝહબમાં વટલાવ્યા હોત, તો **શીઆ ઇમામી ઈસમાઈલી** મઝહબના ઈમામની ઇમામતનો સ્વીકાર કરત નહીં આપણે ગમે તેવી બારીકીથી, અને ગમે તેટલા ઉંડાણમાં ઉતરીને પુરતી શોધ ખોળ સાથે તપાસ કરશું, તો પણ માનવંતા પીર સદરદીને કોઈપણ ઠેકાણે **ઈસનાઅશરીના** કોઈપણ ઈમામ તરફ સહેજ પણ ઈસારો કરેલો હોય, એવું અનુભવવામાં આવશે નહીં. જો માનવંતા પીર સદરદીને ખોજા-ઓને **ઇસનાઅશરી** મઝહબમાં વટલાવ્યા હોત અને પોતે પણ ઈસના-અશરી હોત, તો જરૂર તેઓ ઇસનાઅશરી બાર ઈમામોની માન્યતાનો ફેલાવો કરત અને તેમના વતન તરીકે, "**સામરા**" "**કાઝમીન,**" "**ખુરાસાન તુસ**" વગેરેનું વર્ણન કરત. હાલના આપણા જમાનામાં એવો કોઈ પણ **ઇસનાઅશરી** મઝહબનો માણસ નથી, કે જે પોતાના ઇમામ તરીકે ઈસમાઇલી પાક **હાજર ઈમામ,** આગા **સર સુલતાન મહુમદ શાહ** દાતાર, હાદીયુલ મહદી સાહેબને સ્વીકારે. **શીઆ ઇમામી ઈસમાઈલી** પાક ઇમામને પોતાના ઈમામ તરીકે સ્વીકારનાર તથા **ઇસમાઇલી** ઇમામનો સ્વીકાર કરાવનારને **ઇસનાઅશરી** કેમ ગણી શકાય? આ ઉપરથી પુરવાર થાય છે કે, માનવંતા પીર સદરદીન સાહેબ **ઈસના અશરી** નહીં હતા, અને તેઓએ ખોજાઓને **ઇસનાઅશરી** મઝહબમાં દાખલ નહીં કીધા હતા. તેઓના પોતાના **ઇસનાઅશરી** હોવાની તથા બીજાઓને **ઇસનાઅશરી** મઝહબમાં દાખલ કરવાની માન્યતા અંતકરણને પણ ઠગનારી છે, અને કોઈક પણ તરેહની મકરબાજીની જાળ બીછાવવાની ધોખા બાજી છે. છેવટના સાર તરીકે, સાબીત થાય છે કે, માનવંતા પીર સદરદીન સાહેબ પોતે ખુદ પાક **શીઆ ઇમામી ઈસમાઇલી મઝહબ પાળતા હતા,** તેઓ તે વખતના હાજર ઈમામ **શ્રી ઇસલામ શાહની** બૈયતમાં હતા, અને એ બુલંદ દર-

જાના માનવંતા ઇમામ તરફથી હિંદુસ્થાનના મુલકમાં મીશનરી તરીકે પધારી, હિંદુઓને "ખોજા" ના માનવંત લકબથી શીઆ ઇમામી ઇસ્માઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે ખોજા લકબ શીઆ ઇમામી ઇસ્માઇલીઓનેજ ઘટારત છે, અને એ શબ્દ વાપરવાનો વાજબી હક, ફક્ત એજ ફીરકાવાળા ધરાવે છે. આ ચોખવટ તદન સાફ છે, અકલને અનુસરતી છે. ઇતિહાસને આધારે રચાએલી છે. એ ચોખવટથી જરાપણ વેગળા જવું, એ અંધારામાં ગોથાં ખાવા બરાબર છે.



ચોખવટ નંબર ચોથો.

દશ અવતારની સાબેતી.

ખોજા કોમની તવારીખ.

પાનાં ૨૫૬--૨૫૭.

હરીવંશ.

"ખોજા કોમની તવારીખ" પુસ્તકનો રચનાર મજકુર પાનામાં લખે છે કે.—

"મીશનરીઓએ જણાવ્યું કે અયે શ્રદ્ધાળુ ભાઈઓ, ઈશ્વરે દશમો નકલંકી અવતાર, ઈરાન મધે, "અમામપુરી" નગરીમાં લઈ લીધો છે. વિષ્ણુનો અવતાર તે "અલી," બ્રહ્માનો અવતાર તે "નબી મહુમદ" અને "આદમ" તે ઈશ્વરનો અવતાર છે. નવ અવતાર હિંદુ સ્વરૂપમાં હતા, અને તેમના વંશજો પણ હિંદુ હતા. નવમા અવતાર સાથે દશમા મુસલમાની અવતાર નું જોડાણ કરવાનું હતું. નવમો અવતાર બુદ્ધ નો હતો. બુદ્ધના વંશજો મુસલમાન સ્વરૂપમાં રજુ કીધા."

"શ્રી બુદ્ધ ના શીશ, સામ, સલામ, મલકાન, ઇસલામ, હારાન, સામાન, સાફાન, અદનાન, મઆદ, નીઝાર, મઝર, ઈલીયાસ, મુદરક, ખુઝેમે, કનાન, નઝર, માલક, ફહર. લુવે, કઅબ, મુરે, કલાબ, કુથે, અબ્દુલ મનાફ, અબુ હાશમ, અબ્દુલ મુતલબ, અબુ તાલેબ, વંશ શ્રી "શાહ મૌલા મુરતઝા અલી." ૧૦

"હજરત અલી પછી, તેમના વંશજો ઈસમાઇલી ઈમામો ની ટીપ અગાઉ આપી છે, તેજ છે. ઈસમાઈલી લોકો ઇશ્વરના વંશને હરીવંશ કહે છે, અને તેને ઈશ્વર જેટલુંજ માન આપે છે."

"યજ્ઞમાં જ્યારે શ્રી નારાયણ ભગવાનના નવમાં અવતાર બૌદ્ધે, મનુષ્ય અવતારમાં, બ્રાહ્મણો પર નારાજ થઇ, દશમો અવતાર, મુસલમાનરૂપે ગુપ્તપણે લેવા જણાવ્યું, ત્યારે યુધિષ્ઠિરે તેમને પુછ્યું કે આપ કયાં પ્રગટરૂપ ધરશો? ત્યારે બુદ્ધે જણાવ્યું કે, અયે યુધિષ્ઠિર, હું ઇરાન દેશમાં એરાક પ્રગણે, "દેલમ"માં ગામ "અમામપુરી"માં પ્રગટ થઇશ. મીશનરીઓએ ઈસમાઇલી ઈમામોને હજરતઅલીના અવતાર બનાવ્યા હતા. અને તેજ ઈસમાઈલી ઈમામ, તે મીશનરીના સમયમાં "અમામપુરી"માં રહેતા હતા.

હસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાનાં ૧૨૦-૧૨૧-૧૨૨.

મજકુર પુસ્તકના એજ કર્ત્તા, મજકુર પાનાઓમાં નીચે પ્રમાણે વર્ણન કરે છે.

"માર્ગીઓની અનેક ધર્મની ક્રિયાઓમાં ઈશ્વરના અવતાર તથા પેઢીઓનાં નામોની ફેહરીસ્ત બહુ આવે છે, માટે તે મુજબ દાઇએ તેમની સાથે મળી જવાની જરૂર હતી. આ માટે તેઓએ જણાવેલું કે, નવમાં અવતાર પછી, ખુદાએ હજરતઅલી રૂપે અવતાર લીધો છે."

હજરતઅલી તે પેહિલા ઇમામ તથા છેલા પેગંબરના ભાઇ થાય છે. માત્ર **હજરતઅલીજ** ખુદા છે, એમ તેઓએ જણાવ્યું નહીં, પણ **હજરતઅલીની** ઓલાદમાં, ખુદા અનુક્રમે ખુદાઇ અવતાર લેતો આવે છે, અને તે કીઆમત સુધી લેતોજ રહેશે, એમ જણાવ્યું. **હજરતઅલીથી રૂકનુદીન ખુરશાહ** સુધી, લગભગ છવીશ અવતારો ખુદાના થય છે, અને **શમસદીન મહમદથી સુલતાન મહમદશાહ** સુધીમાં, ઇરાનમાં "**ઇમામ**" ગણાતાઓને, હિંદમાં માર્ગીઓની અનુકુળતા તથા પ્રથમના બંધાએલા ધોરણને અનુસરી, "ખુદા" કહેવા લાગ્યા, અને તેમાંના છેલ્લા, **નામદાર આગાખાન** આજે બરાબર તેમના મુરીદોમાં "ખુદા" મનાઇ રહ્યા છે."

"દશ અવતારની કથા, આ હિંદી ઇસમાઇલીઓમાં, કુરાને મજીદ કરતાં પણ વધારે પવિત્ર મનાય છે. અંતકાળ વખતે, તે, બીમારને સંભળાવવામાં આવે છે, તે એટલા માટે કે, તેના પર સખ્તી ઓછી થાય, તથા સ્વર્ગમાં સારો દરજ્જો મળે. દસમાં અવતાર **હજરતઅલી** તથા તેની ઓલાદમાં, વંશપરંપરા, ખુદાઈ અવતાર હોવાનું દાઇઓએ જણાવેલું છે, અને તેને અનુસરી, પુષ્કળ જ્ઞાનોમાં, તેના છ ચોક ઇશારાઓ આપવામાં આવ્યા છે."

માર્ગીઓના અનુકરણના સવાલ વિષે, વાદ વિવાદમાં નહીં ઉત-રતાં, અમે ફક્ત મુદ્દાના સવાલ ઉપરજ ચરચા ચલાવવા દુરૂસ્ત વિચારીએ છીએ. જ્યારે આ પુસ્તક કર્તા સાફ ઇકરાર કરી ચુકયા છે કે મીશનરીઓએ, **ઇસમાઇલી** ઇમામોને, **હજરત અલીના** અવતાર બનાવ્યા હતા, અને તેજ **ઇસમાઇલી** ઇમામ તે મીશનરીના સમયમાં "**દેલમ**" માં રહેતા હતા, ત્યારે હવે આથી વધારે ચોખવટ શું જોઇએ છીએ?

અરબી કહેવત.

"અલ મુનાઝઅતો, બઅદલ ઇકરારે, જહાલત"

મતલબ.

"ઇકરાર કર્યા પછી, પાછી તકરાર કરવી, એ મુરખાઇ છે."

જે મીશનરીઓ હજરત અલી, તથા તેના વંશપરંપરા જાની-શીનોને, ખુદાઇ અવતાર તરીકે જાહેર કરે, અને શીઆ ઇમામી ઇસમાઈલી મઝહબના રાહબર, દીની પેશવા, પાક ઇસમાઈલી ઇમામો ની ઇમામત પોતે કબુલ કરે, તથા મુરીદોને કબુલ કરાવે, તે મીશ-નરીઓ ઇસના અશરી હોય, અથવા ખોજાઓને તેમણે ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હોય, એ વાત તદન અસંભવિત છે. કોઇ પણ ઇસના અશરી, દશ અવતાર, તથા ઇમામોના ઇશ્વરી અવતારનો સિધ્ધાંત, કબુલ કરતો નથી.

આ બાબતમાં પણ ચોખવટ એ છે કે, માનવંતા પીર સદરદીને હિંદુઓને ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા નહીં હતા, પણ તેઓને "ખોજા" ના માનવંતા લકબથી, પાક શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા. માટે "ખોજા" લકબ શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ ઘટારત અને સજાવાર છે.

ચોખવટ નંબર પાંચમો.

દશોંદની સાબેતી.

હસન બીન સબ્બાહ તથા ઈસમાઈલી મીશન પ્રયોગ.

પાનું ૧૪૦

મજકુર પુસ્તકના કર્ત્તા, આ પાનામાં જણાવે છે કે,

" હવે ધર્માદાના કાયદા વિષે જાણવું જોઇએ. હીન્દના ઈસમાઇલીઓ પોતાની કમાણીનો દશમો ભાગ, પોતાના ઈમામને, જ્યારથી-તેઓ આ મઝહબમાં આવ્યા છે, ત્યારથી, આપતા આવ્યા છે, અને હજુ બરાબર નિયમિત રીતે આપ્યા કરે છે. તેમની દાન કરવાની શક્તિ બહુજ પ્રદિપ્ત જોવામાં આવે છે."

ખોજા કોમની તવારીખ.

પા. ૨૯૦

એજ પુસ્તક કર્ત્તા પોતાની " ખોજા કોમની તવારીખ " ના પુસ્તકમાં પણ લખેછે કે,

દશોંદ = "માતાપંથીઓ પોતાની કમાણીનો દશમો ભાગ ધર્મગુરૂને ભેટ આપતા હતા અને તેને "દશોંદ" કહેતા. આ "દશોંદ" આપવાની રીત કબુલ રાખી, નવા મુસલમાનોને, આ "દશોંદ" હજરતઅલીના વંશપરંપરા ઉતરી આવેલા ઈમામને આપવા જણાવ્યું. આવી "દશોંદ"ની રકમ ખોજાઓ કેટલાક સૈકાઓ થયા આપ્યા કરે છે."

આ પુસ્તક કર્ત્તા જ્યારે આ પ્રમાણે ખુલ્લે ખુલ્લું કબુલ કરે છે કે હિન્દના ઇસમાઇલીઓ, જ્યારથી આ મઝહબમાં અવ્યા છે, ત્યારથી, નિયમિતરીતે, હજરતઅલીથી વંશપરંપરા ઉતરી આવેલા ઇમામોને કેટલાક સેંકડા થયા "દશોંદ" આપ્યા કરે છે, ત્યારે હવે નવી ચોખવટ ક્યા પ્રકારની માંગે છે? માનવંતા પીર સદરદીન જે પોતાના બોધેલા મુરીદોની, "દશોંદ" પણ ઇસમાઇલી ઇમામોને, રાજીખુશીથી અને પુન્યને ખાતર, અર્પણ કરવા બોધ આપી ગયા છે, તે ઇસના અશરી હતા, એ વાત કેમ મનાય? પીર સદરદીનના જમાનામાં કોઇપણ ઇસનાઅશરી ઇમામ જાહેરમાં તો હસ્તી ધરાવતો નહીં હતો, કે જેથી તેવા ઇમામોને "દશોંદ" પોંચાડવામાં આવતી હતી એવી જુઠી પણ દલીલ ઉભી થઇ શકે. માનવંતા પીર સદરદીને બોધેલા મુરીદો, તેમના જમાનામાં, તે વખતના ઇસમાઇલી હાજર ઇમામ, શ્રી ઇસલામ શાહને, તથા માનવંતા પીર સદરદીનના જમાના પછી, શ્રી ઇસલામ શાહના તખ્તનશીન, દરેક જમાનાના ઇસમાઇલી હાજર ઇમામને રાજી ખુશીથી "દશોંદ" અર્પણ કરતા આવ્યા છે, અને હાલમાં તેઓ પોતાની "દશોંદ," ઇસમાઇલી અડતાલીશમા પાક હાજર ઇમામ, હક મૌલાના, સરકાર આગા સુલતાન મહમદ શાહ દાતારની હજુરમાં, રાજીખુશીથી અને સવાબે દાયૅન હાસલ કરવાના હેતુથી નઝર કરે છે.

આ બાબત પરથી પણ નિર્ણય થાય છે કે માનવંતા પીર સદરદીને હીન્દુઓને "ખોજા" ના માનવંતા લકબથી, શીઆ ઈમામી ઈસમાઈલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ ઘટારત તથા સજાવાર છે.

ચોખવટ નંબર છઠ્ઠો.

દરખાનાની સાબેતી.

હુસન બીન સબ્બહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પા. ૧૪૪—૧૪૫.

મજકુર પાનામાં પુસ્તક કર્ત્તા જણાવે છે કે, " જેમ ઇસલામીઓ પર હજ પડવા જવું ફરજ છે, તેવી રીતે, માર્ગી હીંન્દુઓ પર યાત્રા કરવી ફરજ છે. માર્ગીઓની આ રીતને દાઇઓએ કાયમ રાખી જણાવ્યું કે, ઇમામના દર્શન કરવા તથા તેમના ચર્ણના સ્પર્શ કરવા, દરેક મુમનને, જ્યાં ઇમામ રહેતા હોય, ત્યાં જવું જોઇએ. આ સિદ્ધાંતને લઇ, હિન્દના ઇસમાઇલીઓ. ઘણા લાંબા વખતથી, ઇરાનમાં " આલમોત " " કેક " તથા " બાબક " શેહેરમાં, જે જે વખતે, જે જે ઠેકાણે, ઇમામ હતા, ત્યાં દર્શન કરવા માટે, મોટા મોટા કાફલાઓ બાંધીને જતા હતા, અને ઇમામના દર્શન કરી, તેમની પાસે નાણાંના થાળ ભેટ ધરતા હતા.

મજકુર લખાણમાં પુસ્તક કર્ત્તા ખુલ્લી રીત પોતાની માન્યતા તથા અનુભવ જાહેરમાં પ્રગટ કરે છે કે, દાઇઓએ પોતાના બોધેલા મુરીદોને, જ્યાં ઇમામ હોય, ત્યાં દર્શન કરવા જવાનું શિક્ષણ આપ્યું હતું. તે જમાનામાં ઇમામો " આલમોત " " કેઠ " તથા " બાબક " શેહેરમાં રહેતા હતા, અને મુરીદો કાફલાબંધ, ઇમામના દર્શન કરવા ત્યાં જતા હતા. આપણે પુછીશું કે " આલમોત ' " કેક " તથા " બાબક "માં કયા ઇમામ બીરાજતા હતા? તે જમાનામાં કોઇપણ

ઇસના અશરી ઇમામ જાહેરમાં હસ્તીમાં ન હોતા. મજકુર વતન શીઆ ઇમામી ઇસમાઇલી ઇમામોનેજ લગતાં હતાં, અને માનવંતા પીર સદરદીને બોધેલા મુરીદો પણ ઇસમાઇલી પાક ઇમામોના દર્શન કરવા ત્યાં જતા હતા. ઇસમાઇલી ત્રીશમા ઇમામ, શ્રી ઇસલામ-શાહના વખતથી તે ઇસમાઇલી છેતાલીશમા ઇમામ, આગા શાહ હસનઅલીના જમાના સુધી, માનવંતા પીર સદરદીને બોધેલા મુરીદો તથા તેમના વંશજો, ઇરાનમાં મજકુર શેહેરો અથવા બીજા કોઇ શેહેરમાં, જ્યાં ઇસમાઇલી પાક હાજર ઇમામ પોતાનું દરખાનું એટલે રહેઠાણ કરી રહ્યા હોય, ત્યાં દીદાર કરવાને જતા હતાં ઇસમાઇલી પાક ઇમામો, આગા શાહ હસનઅલી, આગા અલીશાહ દાતાર તથા હાલના અડતાલીશમા પાક ઇસમાઇલી હાજર ઇમામ, મૌલાના સરકાર, આગા સુલતાન મહમદ શાહ દાતારના વખતમાં પણ, શામ, મીસર, મેસાપોટેમીઆ, ઇરાન, અફઘાનિસ્તાન, ચિત્રાલ, પામીર, બદખશાન, સમરકંદ, બુખારા, વગેરે મુલકના અરબ તથા અજમ ઇસમાઇલી મુરીદો તેમજ આફ્રિકા, સિંધ, કછ, પંજાબ, ગુજરાત, ગુવાધર કાંઠો, બરમા તથા બીજા દેશના ઇસમાઇલી મુરીદો, મુંબઇમાં દરખાને, ઇમામના દીદાર માટે, આવતા હતા, તથા હજી પણ આવે છે. માનવંતા પીર સદરદીનનો બોધેલો કોઇપણ મુરીદ તથા તેના વંશજો, ઇસનાઅશરી ઇમામોનાં વતન "સામરા," "કાઝ-મીન" તથા "ખુરાસાન તુસ" વગેરે શેહેરોમાં દરખાને જતા નથી, તેથી પુરવાર થાય છે કે મહાન બોધગુરૂ પીર સદરદીન ઇસના અશરી નહીં હતા, પણ શીઆ ઇમામી ઇસમાઇલી હતા, અને હિંદુઓને તેઓએ "ખોજા"ના માનવંતા લકબથી, શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ ઘટારત તથા સજાવાર છે.

ચોખવટ નંબર સાતમો.

શીઆ ઇમામી ઇસમાઇલી મીશનની સાબેતી.

હુસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાના—૯૬, ૯૭, ૯૮.

હિન્દના વામ માર્ગીઓપર ઇસમાઇલી મીશનનો પ્રયોગ.

પરીણામે સંતપથ ધર્મની વિચીત્ર સ્થાપના.

મજકુર પુસ્તકના કર્ત્તા, ઉપર ટાંકેલા પાનામાં લખે છે કે,

"હુસન બીન સબ્બાહથી, રૂકનુદીન ખુરશાહ સુધીના આલમોતના બાદશાહો તથા ત્યારપછીના તે ધર્મના મુરશેદોએ પોતાના મીશનની પદ્ધતિ એવી રામબાણ રચી તથા ચલાવી હતી, કે તેની જાળમાં પરધર્મિઓ સપડાયા વિના રહેવા પામે નહીં. આવા રામબાણ મીશનની બાંધણી માટે, અસંખ્ય ઇસમાઇલી વિદ્વાનોએ પોતાની બુધ્ધિ વાપરી હતી એમ કહ્યા સિવાય રહી શકાતું નથી. આ પધ્ધતિ એવી અસરકારક તથા વિલક્ષણ હતી કે, તેના જાદુએ લાખો લોકોને પોતા તરફ ખેંચી લીધા છે. આ મીશન તૈયાર કરવા માટે, આલમોત તથા બીજા શેહેરોમાં તેઓએ કેટલીક

શાળાઓ સ્થાપન કરી હતી. આ શાળાઓમાં પારકા ધર્મોનું શિક્ષણ આપવા સાથે, કેવી યુક્તિથી, તેમને પોતાના ધર્મમાં લાવી શકાય, તેનું જ્ઞાન આપવામાં આવતું હતું. આ શાળામાં પસાર થઇ, દાઇઓ દુર દેશમાં પોતાનો ધર્મ ફેલાવવા નીકળી જતા હતા. જે દેશમાં જે ધર્મના લોકોને તેઓ ઇસમાઇલી બનાવવા ચાહતા હતા, તેમના ધર્મ શાસ્ત્ર તથા લોકવલણનો તેઓ સારો અભ્યાસ કરી લેતા હતા, તથા લોકો, કેવી યુક્તિથી, પોતાનું સુકાન તેમના તરફ ફેરવે, તે બારીકીથી સમજી લેતા હતા. આલમોતમાં હસન બીન સબ્બાહે નીઝારની ગાદી સ્થાપન કરી હતી, તેથી તે ધર્મ, નીઝારી ઇસમાઈલી ધરમ નામે ઓળખાતો હતો, તથા તેના મીશનનું નામ પણ નીઝારી મીશન થવા પામ્યું હતું. આવા દાઈઓ તથા નકીબો આર્ય ભૂમી પર પણ આવી ચડ્યા હતા, અને બીજા સઘળા દેશોમાં, તેમને જે ફતેહમંદી મળવા પામી, તે કરતાં, આ દેશમાં, તેઓ વધારે મોટા પ્રમાણમાં ફાવી જવા પામ્યા હતા. તેમણે કાશમીર તથા પંજાબના હજારો શીખ તથા વામ માર્ગી ધરમના લુહાણાઓને વટાળી, ઇસમાઇલી ધરમમાં દાખલ કીધા હતા. તેઓના ઉપદેશની રીત એવી હતી કે ફુંકી ફુંકીને પગલાં ભરવાં. શિષ્યોના મનની અનુકુળતાની યોજના કરી, આગળ વધવું, તથા પ્રથમના તેમના મુળ ધરમપર કાંઇ પણ તિરસ્કાર બતાવ્યા સિવાય, પોતે પણ તેમની સાથે ભળી જઇ, રફ્તે રફ્તે, પોતા માટે માર્ગ તૈયાર કરવો. માર્ગી હિન્દુઓને તેમણે ધર્મ તજાવી, ઇસિમાઇલી ધર્મ ગ્રહણ કરાવ્યો, અને એવી યુક્તિથી ઇસિમાઇલી ધરમ ગ્રહણ કરી લીધાનું, તેમને લાંબી મુદ્દતે માલમ થવા પામ્યું. આ પદ્ધતિ એવી વિચિત્ર છે કે જેની તારીફ દુશ્મનની જબાનમાંથી પણ નીકળ્યા વિના રહેવા પામે નહીં. આ પદ્ધતિ ચલાવવામાં ઇસમાઇલી ધરમની અસલ સ્થિતિમાં, ગમે તેટલો

ભંગ થતો હોય, તેની તેઓને લેશમાત્ર પણ દરકાર નહોતી. માત્ર ગમે તે માર્ગે, પોતા માટે સરળ માર્ગ કરવાની તેઓની મુખ્ય નેમ હતી."

હસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાનાં ૯૮-૯૯-૧૦૦

મજકુર પુસ્તકનાં આ પાનાંમાં પુસ્તક કર્તા લખે છે કે,

"ઇસમાઇલી ધરમની એક કીતાબ, નામે કીતાબે શીયાસેસ્ત ઉપરથી, ઇસમાઇલી ઓની ધર્મ શિખવવાની યુક્તિ, સને ૧૮૬૬ ના ખોજા જજમેંટમાં બતાવી છે, તે અહીં દાખલ કરી છે. પાછળથી, તેજ પદ્ધતિ, માર્ગીઓપર, કેવી રીતે અજમાવવામાં આવી, તે બતાવવામાં આવશે."

જુદા જુદા ધર્મના માણસોને ઇસમાઇલી મઝહબમાં લાવવાને માટે, ઇસમાઇલી મીશનરીઓ કેવી કેવી યુક્તિઓ કામે લગાડે છે, તે દર્શાવવા માટે, તે પુસ્તક કર્ત્તા લખે છે કે,

" અગર એક શીઆહ, જે ઇમામી ઇસમાઇલી ધરમનો નહીં હોય, તેને વટલાવવો હોય, તો દાઇ અથવા પાદરી શીઆ ધરમની તાલીમનો દીલોજાનથી સ્વીકાર કરે છે. અલી તથા તેના દીકરાઓ ઉપર ગુજરેલ ઘાતકી પણું અથવા હુસેનની શહાદત વિષે, અને તેના કુટુંબને કેદ કરવા વિષે, તેણે ઘણી દયા ઉપજે, એવો વિચાર આપવો. બની ઉમૈયા અને અબ્બાસી તરફ તિરસ્કાર બતાવવો.

એ પ્રમાણે પોતાને માટે રસ્તો તૈયાર કરીને, પછી ઈસારો કરયો, કે શીઆહ ધરમનો મત સંપૂર્ણ રીતે જાણવા સારૂ, ઈસમાઈલી ધરમના છુપા ભેદો શીખવા જોઈએ "

" દાઈઓ તથા નકીબોએ, આર્ય ભૂમિપર આવી, માર્ગી ધર્મના લોકોને ઇસમાઇલી બનાવવામાં, ઉપરની યુકિત વાપરી હતી. આ માર્ગી લુહાણા, ભાટીઆ વગેરેને ઈસમાઈલી બનાવવામાં આવ્યાછે, તે લોકો આજે " ખોજા " " મોમના " તથા " ગુપ્તિ " ના નામથી ઓળખાય છે, અને તેમનો ધર્મ, ઈસમાઈલી સંતપંથ ના નામથી પ્રખ્યાત થવા પામ્યો છે.

" હુસન બીન સબ્બાહ તથા ઈસમાઈલી મીશન પ્રયોગ " ના રચનાર એદલજી ધનજી કાબાએ એક ગ્રંથકર્ત્તા તરીકે, પોતાનો મજકુર ઈકરાર પુસ્તક દ્વારાએ પ્રસિદ્ધિમાં મુકયો છે, તે બરાબર ધ્યાન સાથે વાંચી જવાથી, ખુલ્લો સાર ખેંચવાને બની આવશે કે એ ગ્રંથકર્ત્તાની ચોખી અને મુસ્તકીમ માન્યતા એ છે કે માનવંતા પીર સદરદીન સાહેબે ખોજાઓને **શીઆ ઈમામી ઈસમાઈલી** મઝહબમાંજ, દાખલા કીધા હતા. આ માન્યતાને મજબૂત રીતે પુરવાર કરનારાં લખાણો પુસ્તકદ્વારા પ્રસિદ્ધિમાં મુકયા પછી, પાંચ વરસના ટુંક અરસામાં વળી બીજી નવી માન્યતા ઉભી કરવી, એ પુસ્તક કર્ત્તાઓની પ્રતિષ્ઠાને ઉતારી પાડનાર બીના છે. અમારે મોટી અજાએબી સાથે પુછવું પડેછે કે, " હુસન બીન સબ્બાહ તથા ઈસમાઈલ મીશન પ્રયોગ " ના કર્તા, ફકત પાંચ વરસના ટુંક અરસામાં, કાંઈ પણ નવાં સંગીન કારણો અથવા નવી સંગીન દલીલ દેખાડયા વિના, પોતાની " ખોજા કોમની તવારીખ " માં "મારી માન્યતા એવી થઈ છે કે ખોજેઓનો અસલ ધર્મ ઈસના અશરી છે, અને તેમને ઈસના અશરી દીનમાં

વટલાવનારા મીશનરીઓ પણ ઇસના અશરીઓ હતા" વગેરે પ્રગટ કરવાનું કઇ રીતે દુરૂસ્ત ધારતા હશે?

આ ગ્રંથકર્ત્તા ફક્ત પાંચ વરસ ઉપર રચેલા પોતાના એક પુસ્તકમાં ખુલ્લો ઇકરાર કરે છે કે હિંન્દુસ્તાનના હિંદુઓ ઉપર ઇસમાઇલી મીશન પ્રયોગ ચલાવવામાં આવ્યો હતો, અને તેમને ઇસમાઈલી ધરમમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેજ ગ્રંથ કર્ત્તા વળી પાંચ વરસના ટુંક અરસામાં બીજા પુસ્તકમાં, આગલી માન્યતાને વિના કારણે ઉરાડી મુકી, તદન નવી વિચિત્ર પ્રકારની માન્યતા પ્રસિદ્ધિમાં મુકે છે, એ આશ્ચર્યકારક બીના છે.

"Times are changed and we are changed with them."

ઉચ્ચાર

"ટાઇમ્સ આર ચેંજડ, એન્ડ ઉવી આર ચેંજડ વીથ ધેમ."

મતલબ

"વખત બદલાતા જાય છે, અને આપણે પણ તેઓ સાથે બદલાતા જઇએ છીએ."

જો આ ગ્રંથ કર્ત્તાએ પાંચ વરસનો કાંઇક નવો અનુભવ સબળ કારણથી રજુ કરી, પોતાની ફેરવાએલી માન્યતા પ્રસિદ્ધિમાં મુકી હોત, તો ટીકા કરવાનું કોઇ પણ કારણ રહેત નહીં. પાંચ વરસમાં એક માન્યતા બદલવીજ જોઇએ, એવો કોઈ અકુદરતી કાનુન હસ્તી ધરાવતો હોય, તો પણ, વિદ્વાનો, સંગીન પુરાવા તથા મજબુત દલીલો સિવાય, પહાડની માફક અડગ રહીને, પોતાની સ્થાપિત માન્યતાને

મુસ્તકીમ રીતે ટકાવી રાખવાની તાકત ધરાવતા આવ્યા છે, અને એવા વિદ્વાનો, એક સદીમાં વીશ વખત, વિનાકારણે, ઇતિહાસિક તવારીખોમાં પણ માન્યતાના ફેરફાર રજુ કરનારાઓને પુસ્તક કર્ત્તાઓની માનવંતી સફમાં જગા આપવા, ખુલ્લી રીતે ઈનકાર કરે છે. ઈતિહાસિક પુરાવા અને સત્યતા આગળ, માન્યતા શું છે? "માન્યતા" શબ્દ નો અર્થ, " કોઇ ચીજને કાંઇક કરીને માની બેસવું " કુદરતમાં જે વિષયો, ઘણા બારીક હોય, સાધારણ અકલથી સમજી શકાતા ન હોય, ઇતિહાસિક પુરાવા ધરાવતા ન હોય, અખતરા અજમાશના સપાટામાં આવી શકતા ન હોય, તેમાં કાંઇક માન્યતા કરી લેવાની જરૂર પડે છે." દાખલા તરીકે, " મરણ પછી માણસની શી ગતિ થાય છે? એ વિષય ઘણો ગહન હોવાથી, પોતાના મનને વધારે મજબુત જણાતી માન્યતા સૌ કોઇ ધારણ કરી લેછે. ખુદાવંદ તાલા, જગતકર્ત્તાની જાતભાત સમજવાનો વિષય ઘણોજ બારીક હોવાથી, સૌ કોઇ પોતાના મનને બંધ બેસતી માન્યતા બાંધી બેસેછે. પરન્તું, નામદાર મહારાણીજી વિકટોરીઆ અથવા નામવર શેહેનશાહ એડવર્ડ સાતમા કઇ સાલમાં ગાદીપર બીરાજ્યા, તેઓ ક્રિશ્ચીઅન ધર્મના પ્રોટેસ્ટંટ પંથમાં હતા કે કેથલીક પંથમાં હતા, એવા ઈતિહાસિક બનાવોમાં માન્યતાની કાંઇ જરૂર હોતી નથી. સાધારણ ઈતિહાસિક બનાવોની સત્યતા અને સિદ્ધતા ઈતિહાસો પરથી પ્રાપ્ત થાય છે. ઈતિહાસિક પુરાવા પાસે માન્યતા રદ્દ બાતલ છે. વગર કારણે એક સદીમાં વીશ વખત બદલાતી માન્યતા ફક્ત મુરખાઇનુંજ પરિણામ છે. અહિંઆ પણ ચોખવટ એ છે કે, હિંદુઓને "ખોજા" ના માનવંતા લકબથી શીઆ ઇમામી ઇસમાઈલી મઝહબમાં દાખલ કરવામાં આવ્યા હતા, માટે "ખોજા" લકબ ફક્ત શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ સઝાવાર તથા ઘટારત છે.

ચોખવટ નંબર આઠમો.

ખોજા કોમના ઇતિહાસની સાબેતી.

એદલજી ધનજી કાબાના રચેલા " હુસન બીન સબ્બાહ તથા ઈસમાઈલી મીશન પ્રયોગ" અને "ખોજા કોમની તવારીખ" એ બંને પુસ્તકોની સલાહ લીધા પછી, અમારી મુસ્તકીમ દલીલના બીજા વધારે પુરાવા માટે, ખોજા કોમના જાણીતા વિદ્વાન બેરીસ્ટર મી. જાફરભાઈ રહેમતુલ્લાહ કૃત "ખોજા કોમનો ઈતિહાસ" તથા વિદ્વાન પારસી પુસ્તક કર્ત્તા, મી. નવરોજજી માણેકજી દુમસ્યા કૃત "નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ" એ બે પુસ્તકોના મત વિષે તપાસ લેશું.

ખોજા કોમનો ઇતિહાસ

પાનાં ૨૨૦—૨૨૧

મજકુર પુસ્તક રચનાર, વિદ્વાન ખોજા બેરીસ્ટર મી. જાફરભાઈ રહેમતુલ્લાહ મજકુર પાનામાં નીચે પ્રમાણે વર્ણન કરે છે.

"પીર સતગુર નુર અથવા જેને નુર સતાગર પણ કહે છે, તે ઈ. સ. ૧૧૮૦ માં, પાટણ શેહેરમાં, સોલંકી ભીમરાજાના વખતમાં, આવ્યા હતા, અને કેટલાક લોકોને **ઈસમાઈલી** ધર્મમાં વટલાવ્યા હતા."

" **પીર** શમ્સ ઈ. સ. ૧૪૫૮ માં કાશમીરમાં આવી, કેટલાકને **ઈસમાઈલી** ધર્મમાં વટલાવ્યા હતા."

" ઈ. સ. ૧૪૩૦ ની સાલમાં પીર સદરદીન હિંદુસ્તાન તરફ શાહ ઈસલામશાહ ના દાઈ તરીકે આવ્યા, અને પોતાનો વાસો સિંધમાં કીધો. અતરે હિંદુ ધર્મનો ઘણી બારીકીથી અભ્યાસ કીધો, અને એક હિંદુ નામ ધારણ કરી, સોહદેવ જોશીને નામે ધર્મ શિક્ષણ શરૂ કીધું, અને પોતાની મહેનતના ફળ પામ્યા. ઘણા લોકોએ આ ધર્મ કબુલ્યો, અને પીર સદરદીને કોટડા ગામમાં પેહેલું જમાતખાનું જેને "ખાનાહ" નામથી ઓળખવામાં આવે છે તે સ્થાપ્યું. અને ત્રીકમ નામના મુરીદને મુખીની જગ્યા આપી, જેથી તે **મુખી** ત્રીકમના નામથી ઓળખાવા લાગ્યો, અને પીર ઘણા મુરીદોની સાથે " દરખાને " એટલે ઇમામની **રહેવાની** જગાએ ગયા હતા. પીર સદરદીને દરખાનેથી પાછા ફરી, એ ધર્મને જલદીથી ફેલાવ્યો, અને જે લોક પીર સદરદીનના હાથે વટલ્યા, તેઓને આપણે "**ખોજા**" તરીકે ઓળખીએ છીએ.

ઉપરના લખાણથી માલમ પડે છે કે "ખોજા કોમના ઇતિહાસ" ના કર્ત્તા પણ, સતગુર નુર, પીર શમ્સ અને પીર સદરદીને હિંદુઓને ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, એવો વાજબી મત જાહેર કરે છે. જો પીર સદરદીન ઇસના અશરી હોત અને હિંદુઓને ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હોત, તો પોતાના બોધેલા

મુરીદોને ઇસમાઇલી ત્રીશમા ઇમામ, શ્રી ઇસલામ શાહ પાસે દરખાને કદીપણ લઇ જતે નહીં. આ પુસ્તકના લખાણમાં સાફ જણાવેલું છે કે, પીર સદરદીન, ઇસલામ શાહ ના દાઇ તરીકે, આવ્યા હતા, અને મુરીદોને મજકુર ઇમામને દરખાને સાથે તેડી ગયા હતા. કોઇપણ તવારીખ નવેશ આ બીનાનો ઇનકાર કરી શકયો નથી. જો એ નામવર પીરો ઇસના અશરી હોત, અને મુરીદોને ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હોત તો તેઓ તેમને "સામરા" "કાઝમીન" તથા "તુસ ખુરાસાન" માં ઇસના અશરી ઇમામોની ઝીયારત કરવા લઇ જતે.

"ખોજા કોમના ઇતિહાસ" રચનારના મત મુજબ પણ સાફ સાબેત થાય છે કે માનવંતા પીર સદરદીને હિંદુઓને "ખોજા" ના માનવંતા લકબથી શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધાં હતા, માટે "ખોજા" લકબ ફક્ત શીઆ ઇમામી ઇસમાઇલીઓને ઘટારત તથા સજાવાર છે.

"ખોજા કોમના ઇતિહાસ" ના મજકુર લખાણમાં બે ઠેકાણે ઇતિહાસિક સનની ભુલ થએલી અમોને દેખાય છે. પીર શમ્સ ઇમામ કાશમશાહ ના વખતમાં એટલે ઇ. સ. ૧૩૧૦ અને ૧૩૭૦ ની વચમાં, અને પીર સદરદીન ઇમામ ઇસલામ શાહના વખતમાં એટલે ઇ. સ ૧૩૭૦ અને ૧૪૨૪ની વચમાં હિંદુસ્થાનમાં આવ્યા હતા. પીર શમ્સ, પીર સદરદીનની પહેલાં આવી ગયા છે. પીર સદરદીનના સનમાં ઘણી ભુલ દેખાતી નથી, પણ પીર શમ્સના સનમાં દેખીતીજ ભુલ જણાય છે. પીર સદરદીનના સન ૧૪૩૦ અને પીર શમ્સના સન ૧૪૫૮ હોય, તો એમ ઠરે કે પીર સદરદીન પછી, પીર શમ્સ આવ્યા હતા, જે તદન ભુલ ભરેલું છે.

ચોખવટ નંબર નવમો.

"નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ" ની સાબેતી.

નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ.

પા. ૧૨-૧૩

મજકુર પુસ્તકના રચનાર મી. નવરોજજી માણેકજી દુમસ્યા લખે છે કે,

"આબાદી ભર્યા વેપાર, બાહોશી, સાહસ અને વફાદારીને માટે જાણીતી થયેલી મુંબઇની ખોજા કોમ ઉપર, નામદાર આગાખાન સરનશીન તરીકે બીરાજે છે. અસલમાં તો ખોજાઓ હિંદુઓ હતા મગર આગળ ચાલતાં, આપણે જોઇશું તેમ, તેઓને, પીર સદરદીન નામના પુરૂષે ઇસલામી દીનના ઇસમાઇલી તરીકામાં દાખલ કીધા હતા. જે પીર સદરદીનને હાલના આગાખાનના સોળમા વડવા, આગા ઇસલામશાહે, એજ સબબ સર, ઇરાનથી રવાના કીધા હતા."

નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ.

પા. ૨૦-૨૧.

આ પુસ્તકના મજકુર પાનામાં પુસ્તક કર્ત્તા લખે છે કે,

"દશ અવતાર" નામે ખોજાઓની દીની કીતાબ છે, જેમાં અલીને ખુદાના એક અવતાર તરીકેજ લેખવામાં આવ્યો છે."

"ખોજાઓની એક પુરાતન વરક, અથવા દરરોજની નમાજની કીતાબમાં મુરતઝાઅલીનું નસબનામું આવે છે, અને ત્યાંથી તે "આગાખાન" સુધી, તે વંશાવળી આશરે પચાશ નામોની હારમાં લંબાય છે. જે મીસાલે આપણે તવારીખ માંહેલા પાદશાહોનાં નામ સિલસિલાબંધ યાદ રાખીએ છીએ, તેજ મીસાલે, ખોજાઓ એ નસબનામા માંહેલા નામો મોઢે ગોખી શકે છે. તેઓના નસલી યાને વંશપરંપરા ઉતરી આવેલા હકદાર પીર અથવા ઇમામ તે "આગાખાન" છે."

નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ

પા. ૨૩.

આ પુસ્તકના મજકુર પાનામાં પુસ્તક કર્ત્તા લખે છે કે,

"ખોજાઓએ ઇસલામી દીન કબુલ કીધા પછી, તેઓએ શીઆ ઇસમાઇલી ઉપરાંત બીજો કોઇ પણ તરીકો અખતીયાર

કીધો હોય, એમ, આવી મોઅતેબર ગવાહી છતાં ધારવું, એ બેહુદું છે. અમોને આ વાતમાં તો કાંઇ શક નથી કે, એ કોમમાંથી જુદા પડતા આસામીઓ મોડે વહેલે પોતાની ભુલ જોશે તો તે જોઇને, પશેમાન થએલાં ફરજંદો પોતાના બાપો આગળ પાછાં ફરે, તેજ મીસાલે, તેઓ પણ પોતાના હકદાર વાલીએ દીનના કદમ આગળ પાછા ફરશે."

"નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ" ના કર્ત્તા, જે એક પારસી વિદ્વાન છે, અને ખોજાઓથી ગૈર કોમના છે, તેઓ પણ ખુલ્લી રીતે જોઇ શકયા છે કે, પાક ઇસમાઇલી ઇમામ ઇસલામ-શાહ ના હુકમથી પીર સદરદીને હિંદુસ્થાનમાં આવીને, હિંદુઓને **શીઆ ઇમામી** ઇસમાઇલી તરીકામાં દાખલ કીધા હતા. તેઓ ચોકસાઇ ભરેલા મજબૂત અભિપ્રાયપર આવી શકયા છે કે, મોઅ-તેબર ગવાહીઓની હાજરીમાં, ખોજાઓએ ઇસલામી દીન કબુલ કીધા પછી, તેઓએ શીઆ ઇસમાઇલી ઉપરાંત બીજો કોઇપણ તરીકો અખતીયાર કીધો હોય, એમ ધારવું બેહુદું છે. પરકોમના વિદ્વાનો આ ચોખવટ ખુલ્લે ખુલ્લી રીતે જોઇ શકયા છે, ત્યારે જેમના બાપદાદાઓ પાંચસો વરસો થયાં, એ **શીઆ ઇમામી ઇસમાઇલી** તરીકામાં ચાલતા આવેલા છે અને જેઓ પોતે પણ આ દુનીઆમાં પોતાની હસ્તી પછી, એજ તરીકામાં હતા, અને ત્યાંથી મુસાફરી કરીને બીજા તરીકામાં સીધાવી ગયા છે, તે લોકોને આ ચોખવટ નવેસરથી શરૂ કરવાને કયાં વાજબી કારણો મળ્યાં હશે? ખોજાઓને હિંદુઓમાંથી ઇસલામમાં દાખલ કરનાર પીરો **ઇસનાઅશરી** હતા, અને તેઓએ ખોજાઓને ઇસનાઅશરી મઝ-હબમાં દાખલ કીધા હતા, એવી તેમની પોકળ માન્યતા પાછી નવેસરથી કયાંથી આવી હશે? એ નવી માન્યતામાં જુઠ અને જાહેલીયત સિવાય, બીજું કાંઇ નજરે પડતું નથી.

"નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ" એ પુસ્તકને આધારે પણ સાફ એખવટ સાબીત થાય છે કે માનવંતા પીર સદરદીને હિંદુઓને "ખોજા" ના માનવંતા લકબથી, **શીઆ ઇમામી ઇસમાઇલી** તરીકામાં દાખલ કીધા હતા, માટે "**ખોજા**" લકબ, ફક્ત **શીઆ ઇમામી** ઇસમાઇલીઓનેજ ઘટારત તથા સઝાવાર છે.

માનવંતા પીર સદરદીન સાહેબ પોતે **શીઆ ઇમામી ઇસમાઇલી** હતા, તથા તેઓએ હિંદુઓને **શીઆ ઇમામી ઇસમાઇલી** તરીકામાં દાખલ કીધા હતા. તેઓ કદીપણ ઇસના અશરી નહીં હતા, તેમ પોતાના ઓપેલા મુરીદોને તેઓએ ઇસનાઅશરી તરીકામાં કદીપણ દાખલ નહીં કીધા હતા, એ બીના જુદા જુદા પુસ્તકોને આધારે સાબીત કર્યા પછી, હવે અમારી દલીલના વધારે ટેકા માટે, મુંબઇની હાઇ કોર્ટમાં થએલા ચુકાદા, તથા મુંબઇની હાઇકોર્ટથી પુરવાર થએલી ચોખવટ ઉપર, થોડું વીવેચન કરશું.

ચોખવટ નંબર દશમો.

ધી ખોજા કેસ.

નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, સર જોસફ આરનોલ્ડના ચુકાદાની સાબેતી.

ચુકાદો અપાયો, તા૦ ૧૨ મી નવેંબર ૧૮૬૬.

આ અગત્યના કેસમાં મુંબઈની હાઈ કોર્ટના બાહોશ અને નામાંકિત નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, સર જોસફ આરનોલ્ડ સાહેબે ચુકાદામાં જણાવ્યું છે કે,

"કંઈ પણ, આ વિષે, વધારે કહેવાનું જરૂરનું નથી. મારી આગળ જે મુખ જુબાની આપવામાં આવેલી છે, તે ઉપર, પુરતી રીતે વિચાર કર્યાથી, મારો ખુલ્લો અભિપ્રાય એ છે કે ખોજાઓ કદી પણ સુન્ની હતા નહીં, અને (મુંબઈમાં વાદી તથા તેઓના સાથી સિવાય) બીજા સઘળા ખોજાઓ ઇમામી ઇસમાઇલી મારગના છે. ખોજા જ્ઞાત બાબત બરાબર વિચાર આપવાને કોરટ હવે શક્તીવાન થઈ છે. એ જાતના લોકોના વડાવા, યાને, બાપદાદા અસલ હિંદુ હતા, જે લોકોને શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં, પેહેલ વેહેલા, વટલાવવામાં, યાને, દાખલ કરવામાં આવ્યા હતા, અને જે મઝહબમાં, હજુ તેઓ રહ્યા છે, અને, જેઓ ઇસમાઇલીઓના વારસદાર ઇમામોને, ધરમ સંબંધી વફાદારીના કામથી, હમેશાં અને હાલપણ બંધાએલા છે"

આ જાણીતો મુકદ્દમો ખોજા કેસ અથવા આગાખાન કેસ ને નામે ઓળખાય છે. એ મુકદ્દમામાં બંને પક્ષના ધારાના હિમાએતીઓની તકરાર સાંભળતાં અને બંને પક્ષના સાક્ષીઓની જબાની લેતાં, પચીશ દીવસ લાગ્યા હતા. આટલી લાંબી મુદત સુધી સંભાળ ભરેલી રીતે બંને પક્ષોની દલીલો સાંભળીને, તથા મુંબઇની હાઇકોર્ટના જજ તરીકેની પોતાની જોખમદારી સમજીને, એ નામદાર જજે, ચુકાદો આપ્યો છે, તે બરાબર પ્રમાણ રૂપજ ગણાવો જોઇએ. એ નામદાર છેવટના જે અનુમાન ઉપર આવી શક્યા છે, તે એ છે કે, ખોજાઓના બાપદાદા અસલ હિંદુ હતા, અને તેઓને શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં, પેહેલ વહેલા, દાખલ કરવામાં આવ્યા હતા. મુંબઇ હાઇકોર્ટના જજ તરીકેની જોખમદારીનો તોલ કરતાં, અને મુંબઇ હાઇકોર્ટના જજ તરીકે બીરાજનારની વિદ્વતા તથા સત્ય અસત્યનું વજન કરવાની શકિતનો ખીઆલ કરતાં, કાંઇપણ શક વગર, તેઓના ખેંચેલા સારસાથે અક્ષરે અક્ષર મળતા થવામાંજ આપણું ડહાપણ સમાએલું જોવામાં આવશે. પોતાના મહાન ઓદ્ધા તથા જોખમદારીનો ખ્યાલ કરી, તેઓએ જેટલી બારીકી તથા ઉંડાણથી એ સવાલનું માપ કીધું હશે, તેના કરતાં વધારે સારી રીતે, બીજો કોઇ ભાગ્યેજ શક્તિવાન થઇ શકે.

મુંબઇ હાઇકોર્ટના નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, સર જોસફ આરનોલ્ડના ચુકદા પ્રમાણે પણ ચોખવટ એ નીકળે છે કે, માનવંતા પીર સદરદીને હિંદુઓને ઇસનાઅશરી મઝહબમાં કદીપણ દાખલ કીધા નથી. પરંતુ "ખોજા"ના માનવંતા લકબથી તેઓને શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ ફક્ત શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ ઘટારત તથા સજાવાર છે.

ચોખવટ નંબર અગીયારમો

હાજીબીબી વિરૂદ્ધ નામદાર આગાખાન તથા બીજાઓ

કેસ નંબર ૭૨૯ ઇ. સ. ૧૯૦૫

મી. ઇનવેરારીટીના ભાષણની સાબેતી.

મુંબઇ હાઇકોર્ટમાં ચાલેલા મજકુર યાદગાર મુકદમામાં, નામદાર આગાખાન, સર સુલતાન મહુમદશાહ જી. સી. એસ. આઇ. તરફથી રોકાએલા ધારાના હીમાએતી બેરીસ્ટર મી. ઇનવેરારીટીએ પોતાના વિદ્વતા ભરેલા ભાષણમાં જણાવ્યું હતું કે,

"નામદાર આગાખાન તથા તેમના ટોળાના ખોજાઓ ઇસના અશરી છે, એવી વાદીઓની વાત એક નવી કલ્પના કરવા જેવી છે. તેઓ તે માટેનો કાંઇ પણ પુરાવો આપી શકયા નથી, અને સાક્ષીઓએ તેવી કેટલીક વાતો કરી છે, પણ તે આધાર વિનાની છે. નામદાર કોરટેજ આ બાબતમાં ઠરાવ્યું છે કે, નામદાર આગાખાન ઇસના અશરી નથી પણ ઇસમાઇલી છે, અને તેમના ટોળાના ખોજાઓ ઇમામી ઇસમાઇલી છે. વળી તેમાંજ એમ કબુલ રાખવામાં આવ્યું છે કે, તેઓ ૪૬ મા ઇમામ છે"

"વાદી તરફના મહુવા તથા ભાવનગરવાળા કમીશનમાં તેઓએ પહેલાં એવું કદી કાંઇપણ દેખાડવા કોશેશ કરી નથી, કે હુઆ

અને જ્ઞાન થોડા વખતપરજ શોધી કાઢવામાં આવ્યા હતા, પણ છેલ્લા થોડા વખત દરમીયાન, તેવા સવાલો સૂચવવામાં આવ્યા હતા. જ્ઞાનમાં સમાએલા "આલ અલી" "ઓલાદ અલી" ફકરાના અર્થ મુરીદો તરફથી "અલીની ગાદીપરના, અલીના વંશજ ઇમામ" તરીકે, કરવામાં આવ્યાથી, જ્ઞાન ઉપરથી તેઓનું કાંઇ વળવાનું નથી, એવું જોઇને, વાદી પક્ષ ગભરાઇ ગયો હતો, માટે, ખોજા અસલ ઇસના અશરી હતા, તેમના ઇમામ પણ ઇસના અશરી છે, અને કુરાને શરીફ ના હુકમ પ્રમાણે, ખોજાઓ નઝર આપે છે, તેમાં ઔલાદનો ભાગ લાગુ થાય છે, એવો નવો રસ્તો ગ્રહણ કર્યો હતો, અને દુઆ તથા જ્ઞાન ને આ હાજર ઇમામ ના વખતની નવી બનાવટ તરીકે રજુ કરવા લાગ્યા હતા. કમીશન બુક ને પાને ૨૮૯ તથા ૩૦૩ માં, તેઓનાજ સાક્ષીની જબાની પરથી, એ બાબત ખોટી સાબીત થાય છે. એ જબાની એમ બતાવે છે, કે, સંવત ૧૯૨૦ અને ૧૯૩૫ માં, હુસન અલી શાહે હુકમો કાઢી "બાર ઇમામ" ની મજલસોમાં અને મોલવીઓ પાસે જતાં, પોતાના મુરીદોને અટકાવ્યા હતા. જેઓએ તે હુકમ માનવા ના પાડી, તેમને નાતબહાર કરવામાં-આવ્યા. હવે આ વાત, હુસનઅલી શાહ ઇસનાઅશરી હતા એ બીના સાથે બંધ બેસતી કેમ થઇ પડે? ખરૂં તો એ છે કે, હુસનઅલી શાહ ઇસનાઅશરી હતાજ નહીં, તેઓ શીઆ ઇમામી ઇસમાઇલી ઇમામ હતા. જેઓ ઇસનાઅશરી પંથના છે, તેઓ ગીનાન કે દુઆ માનતા નથી, અને તેઓ તે પડતા પણ નથી"

ખોજાઓ શીઆ ઇમામી ઇસમાઇલી છે, અને ઇસનાઅશરી થી જુદા છે, એ બતાવવા માટે, મી૦ ઇનવેરારીટીએ કેટલાક ચુકાદા, એશીયાટીક કવાટરલી રીવ્યુ, મેકમીલન ગેઝેટ વગેરેમાં આવેલાં આગખાની ટોળાને લગતાં લખાણો ઉપર, નામદાર કોર્ટનું ધ્યાન ખેંચ્યું હતું.

મી. ઇનવેરારીટીના ભાષણના મજકુર સાર પરથી ખોજાઓને અસલ ક્યા મઝહબમાં દાખલ કરવામાં આવ્યા હતા, તે ખુલ્લી રીતે જાણવાને બની આવેછે. મુંબઈની હાઈકોર્ટમાં મી૦ ઇનવેરારીટી જેવા બાહોશ વિદ્વાન સત્તાધારી બેરીસ્ટરે જે સાર પોતાના ભાષણમાં રજુ કર્યો છે તેની મજબુતી વિષે કાંઈપણ શક ધરાવી શકાશે નહીં અમે આગળ ચાલતાં જણાવીશું તેમ એ જાહીતો મુકદમો સાંભળનાર વિદ્વાન નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, મી. રસલ પણ લાંબી તપાસ પછી મી. ઇનવેરારીટીના ખેંચેલા એ સાર સાથે એકમત થયા હતા, અને એ પુરાવો સાબીત થએલો ગણીને, પોતાનું જજમેંટ આપ્યું હતું.

મી. ઇનવેરારીટીના ભાષણ પરથી પણ એજ સામાન્ય ચોખવટ થાય છે કે માનવંતા પીર સદરદીને હિંદુઓને " ખોજા " ના માનવંતા લકબથી શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે " ખોજા " લકબ ફકત શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ ઘટારત તથા સઝાવાર છે.

ચોખવટ નંબર બારમો.

હાજી બીબી વિરૂદ્ધ નામદાર આગાખાન તથા બીજાઓ

કેસ નંબર ૭૨૯ ઈ. સ. ૧૯૦૫

ઈસમાઈલી હાજર ઇમામ, નામદાર આગાખાન સર સુલતાન મહુમદ શાહ જી. સી. એસ. આઇ. ની એફીડેવીટ તથા મુખજીઆનીની સાબેતી.

મુંબઈની હાઇકોર્ટમાં ચાલેલા મજકુર મુકદમામાં, ઈસમાઇલી હાજર ઇમામ, નામદાર આગાખાન સર સુલતાન મહુમદશાહ જી. સી. એસ. આઇ. પેહેલા પ્રતિવાદી હતા. તેઓએ બચાવનામાની એફીડેવીટ (કસમ ઉપર ઇકરાર નામું) દાખલ કરી હતી, તેમાં નીચેની મતલબનો પોતાનો ઇકરાર રજુ કીધો હતો.

નામદાર આગાખાનની એફીડેવીટનો એક ભાગ

નામદાર આગાખાને જણાવ્યું કે,

"અત્રે અમારા કુટુંબની ટુંક તવારીખ આપવી વાજબી છે, જેથી કરી, આ મુકદમાની સઘળી સમજણ બરાબર પડશે. મુસલમાનો

બે કોમમાં વહેંચાએલા છે. (૧) શીઆ (૨) સુન્ની. શીઆ લોકોમાં પણ જુદી જુદી તડ છે, જેમાં એક શીઆ ઇસના અશરી છે તથા બીજા, શીઆ ઇસમાઇલી છે, જેઓમાં કેટલોક ધારમિક મતફેર છે.

આશરે ચારસો વરસની વાત ઉપર, મારા એક વડવા, શાહ ઇસલામશાહે પીર સદરદીનને, હિંદુસ્થાન ખાતે, મીશનરી તરીકે મોકલ્યા, અને તેમણે ખોજાઓ, કે જે પહેલાં હિંદુ હતા, તેઓને, મુસલમાની ધરમમાં વટલાવ્યા હતા. પેહેલાં સિંધમાં વટલાવવામાં આવ્યા, ત્યારપછી, કચ્છ, કાઠીઆવાડ, ગુજરાત અને મુંબઇ ખાતે વટલાવવાનું કામ આગલ ચાલ્યું હતું. ખોજાઓને વટલાવ્યા પછી, તેઓ ઇરાનના જુદા જુદા ભાગોમાં, જ્યાં મારા વડવાઓ ઇમામો હતા, ત્યાં દરખાને જતા હતા. શરૂઆતથી એ ખોજાઓ મારા વડવાઓને નાણાની બક્ષીસો કરતા હતા. જ્યારે મારા વડવાઓ ઇરાનમાં હતા, ત્યારે તેમના ઉપર, ખોજાઓ તરફથી, એવી રીતે, સોગાદો મોકલવામાં આવતી હતી, અને ખાસ પેગામચીઓ ચામડાની કોથળીમાં નાણાની રકમ લઇ જતા હતા, અને પાછળથી, હુંડી રૂપે, એ નાણું મોકલવામાં આવતું હતું. ઇમામો તરીકે, એ નાણું તેમને મળતું હતું, અને તે તેમની પોતાની મીલકત ગણાતી હતી મારા એક વડવા, શાહ અબુલ હુસન, કેરમાનના ગવરનર હતા. બીજા મારા વડવા, શાહ ખલીલુલ્લાહ, ઇરાનમાં રહેતા હતા, ત્યાં તેમને ઈ. સ. ૧૮૧૭ માં શહીદ કરવામાં આવ્યા હતા. ઈ. સ. ૧૮૩૮ માં મહમદ હુસેન અલ હુસેની (આગા શાહ હસનઅલી) બલુચીસ્તાનને રસ્તે થઇને સિંધ ખાતે આવ્યા હતા. અફઘાન લડાઇ વખતે, તેઓએ બ્રીટીશ સરકારની લશ્કરી સેવા સારી બજાવી હતી, જેના બદલામાં તેઓને રૂ. ૩૦૦૦ ત્રણ હજારનું પેનશન થયું હતું. પાછળથી રૂ. ૧૦૦૦ એક હજારનું પેનશન થયું હતું, એ પેનશન હજુ ચાલુ છે. ઇ સન. ૧૮૪૫ માં, મારા બાપાવા મુંબઇ

આવ્યા અને ત્યાં વસવાટ કર્યો, ત્યારથી, શીઆ ઇસમાઇલી ઇમામની બેઠક દરખાનું મુંબઈમાં થયું હતું, અને તેઓના પક્ષકારો એટલે મુરીદો તેવણને ઇમામ તરીકેનું માન આપવા, દુનીઆના સઘળા ભાગોમાંથી, અહીં મુંબઈમાં, આવતા હતા. ઈ. સ. ૧૮૬૫ માં કેટલાક ખોજાઓ, કે જેઓ મારા બપાવાથી જુદા પડ્યા હતા, તેઓએ મુંબઈની હાઈકોર્ટમાં ફરીયાદી માંડી હતી. ઇ. સ. ૧૮૬૬ માં ઓનરેબલ જસ્ટીસ. સર જોસફ આરનોલ્ડે ચુકાદો આપતાં જણાવ્યું કે "ખોજાઓને જ્યારે પહેલાં વટલાવવામાં આવ્યા હતા, ત્યારે તેમને શીઆ ઇમામી ઇસમાઇલી ધરમમાં વટલાવવામાં આવ્યા હતા, અને નામદાર આગાખાન ને જે કાંઈ ભેટો મળતી હતી, તે તેઓની પોતાની હતી."

એ પછી નામદાર આગાખાન મજકુર એફીડેવીટમાં પોતાના કુટુંબની વધુ તવારીખ આપે છે, અને છેવટે પોતે શીઆ ઇમામી ઈસમાઈલી ઇમામ ની ગાદી ઉપર આવ્યા, તે વિષે લંબાણથી હકીકતો દરશાવે છે.

નામદાર આગાખાનની મુખ જુબાની.

તા૦ ૨૮-૩૦ જુલાઇ ૧૯૦૮

આ મુકદ્દમાના પહેલા પ્રતિવાદી, ઇસમાઇલી હાજર ઇમામ, નામદાર આગાખાન, સર સુલતાન મહમદશાહ જી. સી. એસ. આઇ. તેઓએ મી. ઇનવેરારીટીની તપાસમાં જબાની આપી છે, તે સવાલ જવાબના રૂપમાં નીચે લખવામાં આવે છે. મી. ઇનવેરારીટી સવાલ પુછે છે, અને નામદાર આગાખાન જવાબ આપે છે.

મો. ઇનવેરારીટી તરફનો સવાલ – ખોજાઓ જે જ્ઞાનને માને છે, તેના ભાવાર્થ તમને યાદ હોય તો કહો.

નામદાર આગાખાન તરફનો જવાબ – ખોજાઓને પીર સદરદીને શીઆ ઇમામી ઇસમાઇલી ધર્મમાં વટલાવ્યા હતા. અને શાહ ઇસલામશાહ, જે તે વખતે ઇમામ હતા, તેમને, તેઓના ઇમામ તરીકે, દેખાડવામાં આવ્યા હતા.

સ૦ તમે, કોઇપણ વખતે ઇસનાઅશરી હતા?

જ૦ એ બીલકુલ ખોટું છે.

સ૦ તમે, આ મુકદમા અગાઉ, કદીપણ એવું કહ્યું હતું કે તમારા પીતા અને તેમના પીતા ઇસના અશરી હતા?

જ૦ કદી નહીં.

સ૦ તમારા પિતા મરણ પામ્યા, ત્યારે તમારી ઉમર કેટલી હતી?

જ૦ આશરે આઠ વરસની.

સ૦ તેવણે ધરમને લગતું જ્ઞાન તમને પોતાની હયાતીમાં આપ્યું હતું?

જ૦ હા, તેવણે મને જણાવ્યું હતું કે તેવણ ઇમામ હતા, અને તેમણે અલીનું નુર વંશપરંપરાથી અલી તરફથી મેળવ્યું હતું. તેવણ ૪૭ માં ઇમામ હતા, અને તેમના પિતા ૪૬ મા ઇમામ હતા. ઇમામી ઇસમાઇલીઓના ઇમામ.

સ૦ તમારા પિતાએ પોતાની હયાતીમાં તમને વારસ નેમ્યા હતા?

જ૦ હા. મને મારા પિતા જમાતખાનામાં લઈ ગયા, અને જમાતને દેખાડી, મને પોતાનીજ સાથેજ ગાદીપર બેસાડી, મારા હાથને બોસો દેવા જમાતને હુકમ કર્યો. હજારો ખોજાઓએ મારા હાથને બોસો દીધો.

સ૦ તમારા પિતાના વારસ થયા પછી, તમે કેટલે દીવસે જમાતખાનામાં જવા માડ્યું ?

જ૦ તરતજ, ઈમામ તરીકે.

સ૦ ખોજા સિવાય બીજાપણ તમને માનનારા છે ?

જ૦ હિંદુસ્થાન અને આફ્રિકા માં ઘણા ગુપ્તિઓ મને માને છે. ઈરાન માં ઘણા ઈસમાઈલીઓ મને ઈમામ તરીકે માને છે. અફઘાનિસ્તાન, રશીઅન મધ્ય એશીઆ, ચીનાઈ તુર્કસ્તાન, સીરીઆ, મિસર, ભૂમધ્ય હીટી, તથા ઉત્તર આફ્રિકા માં પણ મારા ઘણા મુરીદો છે. હિંદુ ગુપ્તિઓને હું શીઆ ઈમામી ઈસમાઈલી ગણું છું. ઈરાનમાં મારા મુરીદોને " અતીએ ઇલાહી" (ખુદાના બક્ષેલા) મધ્ય એશીઆમાં તેઓને " મૌલાઈ " સીરીઆ ઇજીપ્ત અને ઉત્તર આફ્રિકામાં તેઓને " ઈસમાઈલી " કહેવામાં આવે છે, સીરીઆમાં " ફુસીસ " ને નામે પણ તેઓને બોલાવવામાં આવે છે. અફઘાનિસ્તાનમાં તેઓ મૌલાઈ " કહેવાય છે, અને અત્રે આવતાં, તેઓને " બદકશાની " કહે છે.

સ૦ તમારા મુરીદો માટે, તમે નવો ધર્મ શોધી કાઢયો છે ?

જ૦ ના, એ ખોટું છે.

સ૦ તમે ગુજરાતી " દુઆ " શોધી કાઢી છે ?

જ૦ ના

સ૦ અને કોઇ નવી બંદગી ?

જ૦ એક શબ્દ પણ નહીં.

સ૦ "જ્ઞાન" થોડા વખત ઉપર શોધી કાઢવામાં આવ્યા છે, એ શું ખરૂં છે ?

જ૦ ના એ ખોટું છે.

સ૦ તમે ખોજાઓના ધર્મમાં કાંઇ નવો ઉમેરો કર્યો છે. ?

જ૦ નહીં.

સ૦ હુસન અલી શાહ, અલી શાહ અને તમને પેશ ઇમામ જેવા ગણવામાં આવે છે એ ખરૂં છે ?

જ૦ ખોટું છે.

સ૦ પેશ નમાઝ અને પેશ ઇમામ એકજ છે કે ?

જ૦ હા, તેવા પેશ નમાઝ એટલે પેશ ઇમામ દુનીઆમાં હુઝારો છે, અને તેઓને રૂ૦ ૨૦ વીસથી રૂ૦ ૩૦ ત્રીશનો પગાર મળેછે.

સ૦ પેશ નમાઝ અથવા પેશ ઇમામને નઝર ધરાવવામાં આવે છે, અથવા તેઓના મુરીદો હોય છે, એવું તમે કદી સાંભળ્યું છે કે ?

જ૦ જે રીતે મને નઝર મળે છે, અને મારા મુરીદો છે, તે રીતે તો, નહિંજ.

સ૦ હુસનઅલી ઇસમાઇલી હતા, તેના તમે શું સબબો આપી શકો છો ?

જ૦ તેનાં કેટલાંક કારણો છે.

(૧) ઇ૦ સ૦ ૧૮૬૬ ના મુકદમામાં, મી૦ હાવરડે તેમને ઈસમાઈલી ઇમામ તરીકે વર્ણવ્યા હતા.

(૨) ઇ૦ સ૦ ૧૮૫૦ ના મુકદ્દમાં વખતે, પોતાના સ્ટેટમેંટમાં તેઓ પોતાને ઇમામ તરીકે જણાવે છે, અને પોતાના મુરીદોને ઈમામી ઇસમાઇલીઓ અને ઇસમાઇલીઆ તરીકે વરણાવે છે. એ ફીરકાને પ્રાચીન પંથ તરીકે જણાવી, અલા ઝીકરીઆ સલામ નો દાખલો રજુ કરે છે, કે જે ઇસમાઇલીઓના જાહીતા ઇમામ હતા.

(૩) સર જોસફ આરનોલ્ડ પોતાના ચુકાદામાં હસન-અલી ને ઇસમાઇલીઓના ઇમામ તરીકે જણાવે છે.

(૪) અંગ્રેજીમાં "વોટસન્સ હીસ્ટરી ઓફ પરશીઆ" "મારકો પોલો" "યુલ્સ નોટસ ઓન મારકો પોલો" "ટ્રાંસલેશન બાઇ ડોકટર રોઝ ઓફ કલકત્તા, ઓફ ધી તારીખે રશીદી" ફારસી પુસ્તકોમાં, "નાસેખુત તવારીખ" "રોઝતુસ સફા" અને એરેબીકમાં, "નેશનલ ડીકશનેરી ઓફ બાઇઓ-ગ્રાફી" એટલે "ઇબને ખલકાન" વગેરે મુખ્ય પુસ્તકોમાં અમારા પંથને ઇસમાઇલી તરીકે વરણવા-માં આવ્યો છે.

(૫) મારા દાદા ઇ. સ. ૧૮૪૦ ની સાલમાં હિંદુસ્થાનમાં આવ્યા હતા, અને ઇ. સ. ૧૮૮૧ માં મરણ પામ્યા હતા. તેમના હજારો ગુપ્ત મુરીદો હતા, જેઓ ગુજરાત, પંજાબ, વગેરેમાં રહેતા હતા. તેઓ

સુન્નત કરાવતા નહીં, અને લાશોને બાળતા હતા. ઇસના અશરી ધરમ પ્રમાણે, આવા માણસો દોજખમાં જાય છે. મારા દાદાએ તેમને એ રીતીઓ પ્રમાણે ચાલવા દીધા, તેજ સાબીત કરે છે કે, તે પોતે ઇસના અશરી હતા નહીં. તેમના એક શબ્દથી તેઓ મેહોમેદન રીવાજ એખતીયાર કરત.

(૬) હસન અલીના વખતમાં "દુઆ" પઢવામાં આવતી, હતી, તે ઇસના અસરી કદીપણ પઢે નહીં.

(૭) મારા બાપે જ્યારે મને "ધારમિક નુર" આપ્યું, ત્યારે તેણે મને કહ્યું હતું કે, તે પોતે ઇમામ હતા, તેના બાપ પણ ઇમામ હતા, અને અલી સુધીના તેના બધા પૂર્વજો ઇમામ હતા, જે, કોઇ ઇસના અશરી માનેજ નહીં.

(૭) જમાત ખાનામાં ઇમામો તરફથી અમુક ચોકસ ક્રિયાઓ મારા દાદાના વખતમાં પણ થતી હતી, જે, કોઇપણ ઇસના અશરી કદી કરેજ નહીં."

ઇસમાઇલી દીનના રાહનુમા, પેશવા, પાક હાજર ઇમામ, નામદાર આગાખાન, સર સુલતાન મહુમદશાહ જી. સી. એસ. આઇ. જેવા મહાન કિર્ત્તિવંત અને બુલંદ મરતબાના સાહેબે નામદાર બ્રીટીશ સરકારની ન્યાયની હાઇકોર્ટમાં, પોતાની એફીડેવીટ તથા મુખજબાનીમાં, જે બીનાઓ જણાવી છે, તે અક્ષરે અક્ષર સાચી મનાવીજ જોઇએ. નામદાર આગાખાન તરફની ચોખવટ પ્રમાણે પણ, માનવંતા પીર સદરદીન સાહેબ પોતે શીઆ ઇમામી ઇસમાઇલી હતા, અને "ખોજા" ના માનવંતા લકબથી તેઓએ હિંદુઓને

શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ ફક્ત શીઆ ઇમામી ઇસમાઇલીઓને ઘટારત તથા સજાવાર છે.

ઇસમાઇલી હાજર ઇમામ, નામદાર આગાખાન સાહેબે ગુપ્તિ હિંદુઓની રાહ રસમો ચાલવા દેવાવિષે, પોતાની મુખજબાનીમાં જણાવ્યું છે કે, "તેમના દાદાએ ગુપ્તિ હિંદુઓને હિંદુ રાહરસમમાં ચાલવા દીધા હતા. તેઓના એક શબ્દથી તેઓ મેહોમદન રીવાજ અખતીયાર કરત."

આ ઉપરથી એક ઘણીજ અગત્યની બીના ધ્યાનમાં લેવા જોગ થઈ પડે છે, તે એ છે કે, ઇસમાઇલી ઇમામો પોતાની મુરીદોને પાક ઇસલામનો બુલંદ કલમો પડાવ્યા પછી, મુરીદોને, કોઇ પણ રીતે, અગવડતામાં મુકનારી, ઇસલામની બહારની રાહ રસમો જોરાવરીથી પળાવીને, મુરીદોના દીલ રંજીદા કરતા નથી. ઇસલામની બહારની રાહ રસમો, સખતાઈથી અમલમાં મુકવા કરતાં, મુરીદોની જુની, તેમના દીલને પસંદ થયેલી, તથા તેમને અગવડ પડતી, નિર્દોષ રાહ રસમો ચાલુ રહેવા દઇ, મુરીદોને રાજી રાખવામાં, તેઓ ઉંડી ફીલોસોફી સમજે છે. ઇસમાઇલીઓની કેટલીક બહારની રાહ રસમો જોઈને, ઉંડી તપાસ નહીં કરનારા, તેઓનાં દીન વિષે, અનેક તર્ક વિતર્કો કરે છે, પણ ઉંડી તપાસ કરનારને સાબેત થશે કે, ખોજાઓ પાક દીન ઇસલામ પાળનારા છે, અને તેઓ પાક દીન ઇસલામનો શીઆ ઇમામી ઇસમાઇલી તરીકો ધરાવે છે.

ચોખવટ નંબર તેરમો.

હાજી બીબી વિરૂધ નામદાર આગાખાન તથા બીજાઓ

કેસ નંબર ૭૨૯ ઇ.સ. ૧૯૦૫

નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, મી. રસલનું જજમેંટ

ચુકાદો અપાયો, તા. ૧ સપટેંબર ૧૯૦૮.

"હવે આ બાબત સિદ્ધ થએલી ગણાવી જોઇએ કે આશરે ૪૪૨ વરસ ઉપર તેઓને (ખોજાઓને) પીર સદરદીને વટલાવ્યા હતા. ખોજા જ્ઞાતીના મોટા ભાગની દંતકથા પ્રમાણે, નામદાર આગાખાનના એક વડવા ઇસલામશાહ તરફથી પીર સદરદીન ખુરાસાનથી ઇસમાઇલી મીશનરી તરીકે આવ્યા હતા, અને ઇસલામ દીનના જે મઝહબનું શિક્ષણ આપ્યું તે મઝહબ શીઆ ઇમામી ઇસમાઇલી હતો. સર જોસફ આરનોલ્ડે જે પ્રખ્યાત કેસનો ફેંસલો કીધો છે, તેમાં તે વિદ્વાન જજે જુદી જુદી દલીલોથી સાબીત કીધું છે કે, વંશપરંપરાથી ચાલતા આવેલા ઇસમાઇલી ઇમામોમાંના ઇસલામશાહ તરફથી પીર સદરદીન એક દાઇ મીશનરી તરીકે આવ્યા હતા, અને તેમણે પેહેલાં ખોજાઓને ઇસલામ દીનના શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા. સર જોસફ આરનોલ્ડે જે દલીલો રજુ કીધી છે, તે દલીલોને ઢીલાવવા માટે, વાદી પક્ષવાળા કાંઇ કોશેશ કરી શક્યા નથી."

———

મુંબઈ લૉ રીપોર્ટ.

વોલ્યુમ ૧૧, સને ૧૯૦૯ માસ એપ્રિલ.

મજકુર લૉ રીપોર્ટને પાને ૪૦૯ મે, જાહેર લખાણ આવેલું છે, તેનો ગુજરાતી તરજુમો અમારા વાંચનારાઓની હજુરમાં મુકીએ છીએ.

"ઇમામ ઇસલામ શાહના વખતમાં, પીર સદરદીનને હાથે, ખોજાઓના વડવા શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ થયા હતા. નામદાર આગાખાન ઇસનાઅશરી નથી, પરંતુ તેઓ શીઆ ઇમામી ઇસમાઇલીઓના વંશપરંપરાથી ઉતરતા આવેલા સરદાર હાજર ઇમામ છે. નામદાર આગાખાનને માનનારા ખોજાઓ અસલથીજ, શીઆ ઇમામી ઇસમાઇલી તરીકે ચાલ્યા આવે છે, અને હજુ પણ શીઆ ઇમામી ઇસમાઇલી છે. તેઓ ઇસનાઅશરી નથી, તેમજ કદીપણ, ઇસનાઅશરી નહીં હતા.

મુંબઇની હાઇકોર્ટ ના બાહોશ વિદ્વાન નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, મી. રસલ તથા મુંબઇના લૉ રીપોર્ટ તરફની વજનદાર સાબેતીઓ તથા નિર્ણય પરથી, લેશ માત્ર પણ શંકા સિવાય વાંચનારને સાબીત થઈ શકશે કે માનવંતા પીર સદરદીન કદી પણ ઇસના અશરી નહીં હતા, નામદાર આગાખાન તથા તેમના વડવા ઇમામો કદીપણ ઇસના અશરી નહીં હતા. માનવંતા પીર સદરદીને હિંદુઓને ઇસના અશરી મઝહબમાં દાખલ નહીં કીધા હતા, પણ " ખોજા " ના માનવંતા લકબથી તેઓને શીઆ

ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ ફક્ત શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબ ધરાવનાર નેજ ઘટારત તથા સજાવાર છે.

ધારમિક, ઇતિહાસિક, તથા રાજદ્વારી સઘળા પુરાવા સાથે ચોખવટ કરવા અમોએ પ્રયત્ન કર્યો છે, અને અમારા અનુભવનું પરિણામ, ઈનસાફી વાંચનારા માટે, જાહેરીમાં મુકેલું છે. જે બાજુમાં સત્યતા જણાય તેને ગ્રહણ કરી, અસત્ય ધોખાબાજીના પંજામાં ન આવવું, એ દરેક વિચારવંત મનુષ્યની ખાસ ફરજ છે, અને અમારા તરફની નમ્ર અરજ છે.

ઇસના અશરી મીશન પ્રયોગ

તથા

તેનો છેવટનો અંજામ.

પાણીમાં ડુબતો અણતારૂ માણસ છેવટે ઘાસના તણખલાને વળગીને પોતાનો જીવ બચાવવા ઉમેદ ધરાવી બેસે છે, પણ એવી ઉમેદ વ્યર્થ છે. કારણ કે, ઘાસનું તણખલું માણસ જેવી વજનદાર દેહિને આશ્રય આપી શકતું નથી.

માનવંતા તત્વજ્ઞાની મહાત્મા બોધગુરૂ પીર સદરદીન સાહેબ પાક ઈસમાઇલી ઇમામ, શ્રી ઇસલામ શાહના હુકમથી હિંદુસ્થાન ખાતે પધાર્યા હતા. પાક ઇમામ શ્રી ઇસલામ શાહ, શીઆ ઇમામી ઇસમાઇલી દીનના રાહનુમા, હાદી, અને તે જમાનાના ઇસમાઇલી હાજર ઇમામ હતા. માનવંતા પીર સદરદીન સાહેબ

શીઆ ઇમામી ઇસમાઇલી દીન ફેલાવનાર મીશનરી હોવાથી, સેહેજ સમજી શકાય છે કે તેઓ પોતે પણ **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબ પાળતા હતા, અને હિંદમાં હિંદુઓ ઉપર પણ **ઇસમાઇલી** **મીશન** પ્રયોગ ચલાવી તેમને પાક **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબમાં દાખલ કીધા હતા. **ઇસમાઇલી** દીનના **મહાન સિદ્ધાંત** તરીકે, તેમણે તે વખતના **ઇસમાઇલી હાજર ઇમામ, શ્રી ઇસલામ** શાહની બૈયતમાં તેમને લીધા હતા, અને ભવિષ્યની ઓલાદને **શ્રી** ઇસલામ **શાહના** ગાદી વારસ, દરેક જમાનાના **હાજર ઇમામની** બૈયત, તાબેદારી તથા વફાદારીમાં રહેવા ભલામણ કરી હતી. તેઓએ હિંદુસ્થાનમાં જે મીશનરી મેહેનતો કરી છે, તે સઘળી, તે જમાનાના **ઇસમાઇલી હાજર** ઇમામ, **શ્રી ઇસલામ શાહના** હુકમ અનુસાર હતી. માનવંતા પીર સદરદીન સાહેબે હિંદુસ્થાનમાં આવીને, જે મઝહબ ફેલાવ્યો, તે ફક્ત **શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબજ** છે, એ વાતમાં અણુમાત્ર પણ શંકા ધરાવવા જેવું, કાંઈપણ નથી. માનવંતા પીર સદરદીન ઉપરાંત, માનવંતા પીર હસન કબીરદીન તથા બીજા ગાદી ધરાવનારા પીરોએ પણ એજ **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબ ફેલાવ્યો હતો. દરેક નામવર પીર નવા મુરીદોને પોતાના વખતના **ઇસમાઇલી હાજર ઇમામની** બૈયત કરાવતા હતા, અને પોતાના જમાનાના **ઇસમાઇલી હાજર ઇમામની** તાબેદારી તથા વફાદારીમાં રહેવા સૂચવતા હતા.

ખોજાઓના અસલ પાક **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબમાંથી નીકળી જનારાઓ, આ ઉપરની બાબતો સારી રીતે જાણે છે, અને તેઓ પોતાના દીલમાં સત્ય કરીને સમજે છે કે તેઓના પૂર્વજોને શીઆ **ઇમામી** ઇસમાઇલી મઝહબમાંજ દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ અનેક વખતે પુસ્તકોદ્વારા લેખિત ઇકરાર પણ કરી ચુક્યા છે, છતાંપણ, અજબ જેવું છે કે, ગાડીના ચક્રોની માફક, તેમની

માન્યતા, ચાલતા ચાલતાંમાં, પાસું બદલી નાંખે છે અને તેઓ પાછા જણાવવા લાગી જાય છે કે, "અમારી માન્યતા એવી થઇ છે કે ખોજાઓનો અસલ દીન, ઈસના અશરી છે, અને તેમને ઈસના અશરી મતમાં વટલાવનાર મીશનરીઓ પણ ઈસના અશરીજ હતા." ધાર્મિક માન્યતાઓ, ગાડીનાં ચક્ર માફક, એક મીનીટમાં પચાશ વખત પડખાં ફેરવે, એ ખરેખર ખેદ ઉપજાવનાર દેખાવ છે. તેઓની ધાર્મિક માન્યતાઓ આવી રીતે ઘડી ઘડી પાસાં બદલતી માલમ પડે છે, અને વાહણાની ઘડી ઘડીની ગતી પ્રમાણે જે ફેરફારો તેઓ દેખાડે છે, તે તેઓના દીલની ખરી માન્યતાના ફેરફાર નથી. તેઓનું સ્વતંત્ર મગજ પણ સારી રીતે સમજે છે કે, માનવંતા પીર સદરદીને હિંદના હીંદુઓને "ખોજા" ના માનવંતા લકબથી, પાક શીઆ ઈમામી ઈસમાઈલી મઝહબમાંજ દાખલ કીધા હતા, અને પાક ઇસમાઇલી ઈમામોના ધાર્મિક વડપણનો સ્વીકાર કરાવ્યો હતો. ત્યારે સવાલ એ ઉઠે છે કે, દિલમાં સત્યતા સમજવા છતાં, રોજ રોજ, નવી માન્યતાઓ પ્રગટ કરવાની શું જરૂર હશે? જવાબ ખુલ્લો છે કે, પાક શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાંથી નીકળી જનારાઓમાંથી કેટલાકો, મુખ્ય કરીને, તેમના કેટલાક વકતા તથા લેખકો કોઇપણ ધોખાબાજીથી પોતાનો નવો ફીરકો વધારવાની ગેરવાજબી ઉલટ ધરાવે છે. નામદાર પીર સદરદીને હિંદુઓ ઉપર, ઇસમાઇલી મીશન પ્રયોગ ચલાવ્યો હતો, તે પ્રયોગને પુરતો ફતેહમંદ ગણીને, તેઓની નકલ તેઓ કરવા લાગ્યા છે. તેઓ હવે ઈસમાઇલીઓ ઉપર, ઇસના અશરી મીશન પ્રયોગ ચલાવતા થયા છે. તેઓ બહારથી કબુલ કરે છે કે, માનવંતા પીર સદરદીન, પીર હસન કબીરદીન વગેરે મહાત્માઓ સાચા હતા, તેઓએ અથાગ મેહેનત કરી, હિંદુઓને કુફરના અંધકારમાંથી બચાવ્યા હતા. પોતાના ઇસના અશરી મીશનને ફતેહમંદ બનાવવાને માટે, પાછળથી એ ધોખાબાજી રજુ કરે છે

કે તેઓએ હિંદુઓને **ઈસના અશરી** મઝહબમાં મૂળથી દાખલ કીધા હતા, અને તે પીરો પોતે પણ **ઈસના અશરી** હતા. નામદાર મહાન બોધગુરૂ પીર સદરદીનના સિદ્ધાંતોને ખોટા પાડવાનો કોઇ રસ્તો હસ્તી ધરાવતો નથી અને તેમના સિદ્ધાંતોને તોડી પાડવાનું તેઓથી બની શકે તેમ નથી, એવું જોઇને, ઈસમાઈલીઓ ઉપર, **ઇસના અશરી મીશન** પ્રયોગ ચલાવવા તેઓ તૈયાર થયા છે. જ્યારે તેઓ સાફ રીતે જુએ છે કે, **ઈસમાઇલીઓ** માનવંતા પીર સદરદીને શીખવેલા **શીઆ ઈમામી ઈસમાઈલી** મઝહબ ઉપર ઘણાજ મુસ્તકીમ છે, અને એ મહાન બોધગુરૂના જ્ઞાન તરફ તેઓ ઉંચું માન ધરાવે છે; જ્યારે તેઓ સાફ રીતે જુએ છે કે, તે માનવંતા પીરો તરફનો **ઈસમાઇલીઓનો** વિશ્વાસ કોઇ રીતે ડગી શકે તેમ નથી, ત્યારે "તે પીરો ખરા હતા; મહાત્મા હતા, તેઓએ મોટા સંકટો વેઠી, કુફરનો અંધકાર દુર કર્યો હતો અને તેઓ મોટા માનને લાયક થઇ ગયા છે" એવું બહારથી દેખાડી, તેઓ ઇસમાઇલીઓનાં મન જીતી લેવા માગે છે, અને ત્યારબાદ, "તે પીરો ઇસના અશરી હતા, અને તેઓએ હિંદુઓને અસલથીજ ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હતા" એવો ઇસના અશરી મીશન પ્રયોગ, ઇસમાઈલીઓ ઉપર ચલાવવા માંગે છે. માનવંતા પીર સદરદીન **શીઆ** ઇમામી **ઈસમાઇલી** મઝહબમાં હતા તથા તેઓએ હિંદુઓને **શીઆ ઈમામી ઈસમાઈલી** મઝહબમાં દાખલ કીધા હતા એ બાબતની એવી સ્પષ્ટ ચોખવટ થઇ ગઇ છે કે, હવે અજ્ઞાન તથા મુર્ખ ઇસમાઇલી સિવાય, બીજા દાના ઇસમાઇલીઓ ઉપર, એ ઇસના અશરી મીશન પ્રયોગ કાંઇ અસર કરી શકશે નહીં. એવા **ઈસના અશરી મીશન** પ્રયોગ ચલાવનારા વકતા તથા લેખકોને વાજબી સલાહ આપવાની અમારી ફરજ સમજીએ છીએ કે ધોખાબાજીના પ્રયોગથી પોતાની કોમની સંખ્યામાં

વધારો કરવાની ખોટી લાલચ રાખવી, એ પોતાનીજ ઇજત તથા અકલને નામોશી લગાડનારી બીના છે. પોતાના ધર્મનો વધારો કરવાના પ્રમાણિક રસ્તાઓ ખુલ્લા પડેલા છે. દરેક માણસ પ્રમાણિક રિતીઓથી પોતાના ધર્મનો વધારો કરવાની કોશેશ કરવામાં વાજબી છે, અને પ્રમાણિક રિતીઓજ તેઓની કોશેશને માનવંતી બનાવે છે. જો કોઇ ધર્મ પાળનાર પોતાનો ફીરકો વધારવાને આતુર હોય, તો તેણે પ્રમાણિકપણાથી, બીજાના દીન મઝહબ કરતાં, પોતાના દીન મઝહબમાં વધારે ઉંચી ખુબીઓ હોય, તો તેને જગતમાં જાહેરાતમાં મુકવી જોઇએ. જો લોકો પોતાના દીન કરતાં તેઓના દીનમાં વધારે ઉંચી ખુબીઓ જોશે, તો કુદરતી રીતે તેઓ તેઓના મઝહબમાં દાખલ થવાને લલચાશે. પ્રમાણિકપણાથી કીધેલો વધારો હમેશ ટકે તેવો તથા માન ભરેલો થાય છે. ધોખાબાજીથી કરેલો વધારો આખરે ધિક્કારની લાગણીને પાત્ર થાય છે. બીજાઓના દીનની નિંદા કરવી, એજ મોટી ફીલસુફી જે દીનની હોય, બીજાઓના બંગલા વાડીઓ પોતાના છે, એવી રીતે, જગતને ઠગવાની યુક્તિઓ જે દીનમાં પ્રબળતા ભોગવતી હોય, તે દીન આખરે ટકી શકતો નથી. ટુંક કાળમાં તેઓની ઇમારતના પ્રપંચ રૂપી થાંભલા તથા બાલ જમાનાની કીડથી ખવાઇને તુટી પડે છે, અને તેને પરિણામે તેઓના ધર્મની ઇમારત પાછી જમીનદોસ્ત થઇ જાય છે.

અમારા ખેંચેલા આ સારના ટેકામાં, અમે "ખોજા કોમની તવારીખ" ના પાનાં ૨૯૦ ઉપર વાંચનારનું ધ્યાન ખેંચવા વાજબી ધારીએ છીએ.

ખોજા કોમની તવારીખ

પા. ૨૯૦

મજકુર પુસ્તકના પાનાં ૨૯૦ માં પુસ્તક કર્ત્તા જણાવે છે કે,

"બારભાયા કેસ, ખોજા ડાહીઆ માહમદ, માહમદ સાચા, પીરમાંમદ કાશમ અને ફાજલભાઇ ગુલામહુસેનની ફરમાશથી માંડવામાં આવ્યો હતો. બંને પક્ષો તરફથી મોટા મોટા વકીલ બેરીસ્ટરો લાખોના ખરચથી રાખવામાં આવ્યા હતા. હાઇ કોર્ટના જજ, સર જોસફ આરનોલ્ડ પાસે આ કેસ ચાલ્યો. ફેસલો બારભાયા પક્ષની વિરૂદ્ધમાં થયો. ત્યારથી બારભાયા પક્ષના લોકોએ પોતાની જુદી સુન્ની જમાત બાંધી. નવી મસજીદ બંધાવી, કબરસ્તાન પણ અલાહેદું રાખ્યું. આ સુન્ની ખોજાઓની પ્રથમ સંખ્યા ઘણી હતી. પરંતુ હાલમાં સો કુટુંબો કરતાં પણ ઓછી છે. વ્યહવારીક મુશ્કેલીને કારણે, ઘણા, જુની જમાતમાં, અને પાછળથી જ્યારે ઇસના અશરી જમાત ઉભી થઈ, ત્યારે તેમાં, જોડાઇ ગયા. આ જમાતે હવે પોતાનો પક્ષ વધારવાનું છોડી દીધું છે. બધા સાથે હળીમળીને ચાલે છે, ઇસના અશરી જમાતના ખોજાઓ સાથે પણ, કન્યાની આપ લે કરે છે. આ જમાતવાળાનું એમ માનવું થયું છે કે, "ખોજાઓને વટલાવનાર પીર સદરદીન સુન્ની હતા, અને ખોજાઓને તેઓએ સુન્ની મુસલમાન બનાવ્યા હતા. આ ટોળાંએ શરૂઆતમાં પોતાનો પક્ષ, મુંબઈ સિવાય, બીજે સ્થળે પણ વધારવા પેરવી કીધી હતી. પરંતુ, અનુકુળ સંજોગોની ગેરહાજરી, તથા મોટી જમાતના તેમ નહીં થવા દેવાના બળવાન પ્રયાસને લઇને તેઓ ફાવી શક્યા નહીં."

આ પુસ્તક કર્ત્તાના મજકુર લખાણનો સાર એવો દેખાય છે કે "શીઆ ઇમામી ઇસમાઈલી ખોજાઓને અસલ સુન્ની મઝહબમાં વટલાવવામાં આવ્યા હતા એવું ધારનારા, અસલના શીઆ ઈમામી ઈસમાઇલી તરીકામાંથી બહાર નીકળીને છુટા પડી ગયા હતા. તેઓએ પોતાની મસજીદ તથા કબરસ્તાનની અલાહેદી ગોઠવણ કરી લીધી. જ્યારે તેઓ પોતાને સુન્ની ધારવાની ખોટી માન્યતાને પ્રતાપે તેઓના અસલ શીઆ ઇમામી ઈસમાઇલી મઝહબને તજીને બહાર પડયા, ત્યારે તેઓની સંખ્યા ઘણી હતી, પણ હાલ સો કુટુંબ કરતાં પણ ઓછી છે. આ ટોળાએ પોતાની જમાતની સંખ્યા વધારવા પેરવી કીધી હતી, પણ મોટી જમાતના તેમ નહીં થવા દેવાના બળવાન પ્રયાસને લીધે તેઓ ફાવી શક્યા નહીં હતા"

મજકુર પુસ્તક કર્ત્તા પોતાના ખેંચેલા આ સારના છેવટના ભાગમાં શીઆ ઇમામી ઇસમાઈલીની જુની જમાતમાંથી સુન્નીને નામે બહાર પડેલાઓ પોતાની જમાતનો વધારો કરવામાં ફાવી નહીં શક્યા, તેના કારણભુત તરીકે, "મોટી જમાતના તેમ નહીં થવા દેવાના બળવાન પ્રયાસ"ને વજન આપે છે. પરંતુ આ ઠેકાણે પણ એ પુસ્તક કર્ત્તા પોતાનો બીન અનુભવ પ્રસિદ્ધિમાં લાવે છે. માનવંતા પીર સદરદીન સુન્ની હતા, અને શીઆ ઇમામી ઇસમાઈલી ખોજાઓને અસલ સુન્ની તરીકામાં વટલાવવામાં આવ્યા હતા, એવી ગંભીર ભુલે કરીને, જેઓ પોતાના અસલ શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબથી છુટા પડયા હતા, તેઓનો વધારો, મોટી જમાતના તેમ નહીં થવા દેવાના બળવાન પ્રયાસને લીધે અટકી પડયો હતો, એ માન્યતા ઘણીજ ભુલ ભરેલી છે. અલબતાં, આ વાત સત્ય છે કે, તેઓનો વધારો અટકી પડયો હતો. એક વખતે હજારોની સંખ્યામાં ગણાતાં, હવે તેઓ સેંકડાની સંખ્યાને પણ પહોંચી શકતા નથી. પણ આ પાછળ હઠવાજોગ સ્થિતિનું ખરૂં

કારણ, માનવંતા પીર સદરદીને તેમને સુન્ની તરીકામાં વટલાવ્યા હતા, એવી તેઓની ખોટી માન્યતાનું હતું, જેમ જેમ લોકોને સત્યતાની ખબર પડતી ગઈ, અને તેઓની ઢંકાએલી આંખો ઉઘડતી ગઈ, તેમ તેમ તેઓ પસ્તાઈને પોતાના અસલ તરફ પાછા વળતા ગયા. મનુષ્યની આંખો હમેશાં સત્યતા તરફ ઢંકાએલી રહેતી નથી જ્યારે તેઓની આંખો સત્યતા તરફ ખુલ્લી થાય છે, અને સત્યતાને બરાબર જોઈ શકે છે, ત્યારે જો તેમનામાં વ્યહવારિક હિંમત હોય, તો તેઓ અસત્યથી પાછા વેગળા થઈ જાય છે. ખોજાઓને અસલ ઇસના અશરી મઝહબમાં વટલાવવામાં આવ્યા હતા, અને, તેઓને વટલાવનાર પીરો પણ ઇસના અશરી હતા, એ નવી માન્યતા, જાણી જોઈને સત્યતા તરફ આંખ ઢાંકી લેવાનું પરિણામ છે. જ્યારે તેઓ પોતાની આંખો પાછી આ સત્યતા તરફ ખુલ્લી કરશે કે, ખોજાઓને વટલાવનાર માનવંતા પીરો શીઆ ઇમામી ઇસમાઈલી હતા અને તેઓએ અસલમાં ખોજાઓને શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાંજ દાખલ કીધા હતા, ત્યારે ખરેખર તેઓ પણ પોતાની ગંભીર ભુલને લીધે પુરેપુરા પસ્તાઈને પાછા પોતાના અસલ પાક શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબ તરફ રજુ થશે.

કુરાને શરીફ, સુરે બકર, આયત ૧૬૧.

ઇન્નલ લઝીના કફરૂ, વ માતુ, વ હુમ કુફ્ફારૂન,
ઉલાએકા, અલૈહીમ, લઅનતુલ્લાહે, વ મલાએકતે,
વન નાસે અજમઇન.

મતલબ.

ખરે ખર જેઓ કાફર (નીમકહરામ, ગુણચોર) થયા છે, અને કાફરપણામાં મરી ગયા છે, તેઓની ઉપર, ખુદાની, ફીરસ્તાઓની અને સઘળા માણસોની લાનત (ફીટકાર) પડે છે.

કુરાને શરીફ, સુરે બકર, આયત ૧૬૦

ઈલ્લલ લઝીના તાબુ, વ અસલહુ, વ બય્યનુ, ફ ઉલાએકા, અતુબો અલેહીમ, વ અનત તવ્વાબુર રહીમ.

મતલબ.

પણ જેઓ પશ્ચાતાપ કરે છે, અને પાછા સુધરી જાય છે, અને (હક) વર્ણન કરે છે, તેઓનો પશ્ચાતાપ હું કબુલ કરીશ. ખરેખર હું પશ્ચાતાપ કબુલ કરનાર અને દયાળુ છું.

સમાપ્ત.

લા રૈબ હુએ અજલસે, શાહે દો સરા, અલી
અલ્લાકે ખલ્ક, ખાલેકે અરઝો સમા, અલી— ૧
અવલ અલી, આખેર અલી, મુબતેદા, અલી
જાહેર અલી, બાતન અલી, જા બ જા, અલી— ૨
અયે મોમીનો, નહીં હુએ ખુદા સે જુદા, અલી
હુમ બંદે હુએં ઉસકે, બ ખુદા, હુએ ખુદા અલી— ૩
સરતાજ અંબીઆકે હુએ, ઉમ્મત કે પેશવા
બાદે નબી, ઇમામ અલી, શાહનુમા, અલી— ૪
સાબીત હદીસે "લહમોકા લહમી" સે હો ગયા
મૌલા અલી હુએ મુસ્તફા, ઔર મુરતઝા, અલી— ૫
પુછા નબીસે રૂતબા અલીકા, તો યેહ કહા
ભાઇ અલી, વસી અલી, આસના અલી— ૬
રોશન જહાંમેં, સુરએ "વશ શમ્સ" સે, હો ગયા
શમશો દુહા, નબી હુએ, તો બદરૂદ દુજા, અલી— ૭
દેખા હુએ, કલામે ખુદામેં ભી, જા બ જા
મકસદ અલી, મુરાદ અલી, મુદદઆ અલી,— ૮
આયા હુઆ પહાડ મુસીબતકા ટલ ગયા
ચીલ્લા કે જબ ઝબાંસે, હમને કહા અલી— ૯
કહેતા હૈ કૌન, મઝહરે યઝદાં, અલી નહીં
મૌજુદ હુએ ઝમાનેમેં, હરએક જા, અલી— ૧૦
આવાઝ સુનકે, બોલે યેહ, મેરાજમેં નબી
કરતા હુએ બાત મેરેસેં, ભાઇ મેરા અલી— ૧૧
કહું દમમેં, મેરા ઉકદએ લાહલ, ન હલ કરે
હાજત રવાએ ખલ્ક હુએ, મુશકીલ કુશા, અલી,— ૧૨
મહશરકા દીલમેં ડર હુએ, ન ખૌફ કબ્રકા
ઉઠેગા કબ્રસે કહેકર, "ઇખલાસ" યા અલી— ૧૩

અગાઉથી ગ્રાહક થઈને, આ પુસ્તકને ઉત્તેજન આપનારા ગ્રહસ્થોનાં નામની ટીપ.

૧૩૦ રંગુન શીઆ ઇમામી ઇસમાઇલી ખોજા જમાતના વેપારીઓ.

૫ પ્રેસીડંટ, મુખી જીવાભાઇ ભાણજી
૫ અમલદાર, માહામદભાઈ જસરાજ
૫ અમલદાર, અલીભાઈ માહામદ માવજી
૫ અમલદાર, કામડીઆ માહામદભાઇ કુંવરજી
૫ શેઠ ઇસમાઇલભાઇ હકીમજી
૫ શેઠ લાલજીભાઇ જીવા
૫ શેઠ ચકુભાઇ માધવજી
૫ શેઠ કાશમભાઇ માહામદ માવજી
૨૫ મીશનરી, નાનજીભાઈ વરીંદ મુખી
૫ શેઠ પીરમાંમદભાઈ અને ગુલામઅલીભાઇ વરીદ મુખી
૫ મુખી ઇસમાલભાઇ ગોવા, માંડલાવાળા
૫ કામડીઆ, અલીભાઇ હકીમજી, માંડલાવાળા
૫ મુખી, મેરાલીભાઇ માવજી પ્રોમવાળા
૫ શેઠ ઇસમાલભાઇ સીવજી
૫ શેઠ મેરાલીભાઇ વસ્તા
૫ શેઠ રેમતલાભાઇ રામજી મુખી
૫ શેઠ રજબઅલીભાઇ ખાનમાહામદ
૫ શેઠ વાલજીભાઇ આહમદ

૫ શેઠ સાબાનભાઇ મોભાણી
૫ મુખી, નુરમાંમદભાઇ કુંવરજી, બસીનવાળા.
૫ શેઠ હુસેનભાઇ કરીમ, સોઢાઉવાળા
૫ શેઠ કાશમભાઇ સવજીઅલી, તેગાઉ વાળા.

૧૩૦


૫૦ ધી ખોજા યંગ ઇસમાઇલીઆ વોલનટીઅરના મેનેજીંગ કમીટીના મેંમબરો—કરાંચી.

૫ પ્રેસીડંટ, અલાનાભાઇ અલફાન
૫ વાઇસ પ્રેસીડંટ મામંદ જાફર કરમાલીભાઇ
૫ સેક્રેટરી, મામદભાઇ અલાદીન
૫ શેઠ અલીદીનભાઇ મુખી મામુ, ધી ખોજા ઇસમાઇલીઆ લાઇબ્રેરીના સેક્રેટરી.
૫ શેઠ નજરઅલીભાઇ સામજી
૫ શેઠ પેસનભાઇ અલફાન
૫ શેઠ અલીદીનાભાઇ વીધા
૫ શેઠ માંમદભાઇ કાસમાલ
૫ શેઠ મુલજીભાઇ ગુલામઅલી.
૫ શેઠ ગુલામહુસેનભાઇ બસરીઆ

૫૦

૫ શેઠ મુરાદઅલીભાઇ વલી માસ્તર—કરાંચી
૫ શેઠ માંમદભાઇ અબદલા—કરાંચી
૫ શેઠ સાજનભાઇ ઝીણા બાબુલ—કરાંચી

૫ શેઠ રાજનભાઈ ઝીણા પ્રેમજી—કરાંચી
૫ શેઠ જાદવજીભાઇ ખીમજી—કરાંચી
૫૦ મુખી લાલજીભાઇ દેવરાજ, "ધી ખોજા સિંધી પ્રીંટીંગ પ્રેસ"
૨૫ શેઠ માવજીભાઇ હીરજી કોટડા શાંગાણીવાળા.
૧૦ મુખી પુંજાભાઇ જશરાજ
૫ મુખી કુરજીભાઇ મુળજી
૫ શેઠ જાદવજીભાઇ માવજી, આફ્રિકા પ્રભાત બંદર
હસતે મુખી કુરજીભાઇ મુળજી
૫ મુખી રજબઅલીભાઈ ફાઝલ, દમણુવાળા
૫ શેઠ વીરજીભાઇ થાવર, મોટી પાનેલીવાળા
૫ શેઠ રેમતલાભાઇ વીરજી થાવર, મોટી પાનેલીવાળા
૫ શેઠ અલીભાઈ માંમદ, ચામડાવાલા



પાક શીઆ ઇમામી ઇસમાઇલી

દીનને લગતાં

આ પુસ્તક કર્તા તરફથી પ્રગટ થએલાં પુસ્તકો

હાજર ઇમામનાં પવિત્ર ફરમાનો.

સરળ ગુજરાતી ભાષા તથા સિંધી ટાઈપમાં અને એકસરખી સાઇઝમાં

બહરે રેહેમત — ફરમાન જંગબાર પેહેલી મુસાફરી, ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ, જંગબાર બીજી મુસાફરી, પુના, મુંબઇ, રાજકોટ, સરવેનું એકજ મોટું પુસ્તક, પુસ્તકના સોનેરી નામ સાથે લુગડાનાં ઇંગ્લીશ બાઈંડીંગના પુઠાં હદીઓ બે રૂપીઆ, પોસ્ટેજ જુદું.

બહરે રેહેમત. જુદા વિભાગો.

1 **ફરમાન.** જંગબાર પેહેલી મુસાફરી.

1 **ફરમાન.** ગુજરાત, કાઠીઆવાડ, તથા કચ્છ.

1 **ફરમાન.** જંગબાર બીજી મુસાફરી, પુના, મુંબઇ તથા રાજકોટ,

હદીઓ દરેક વિભાગનો આઠ આના, પોસ્ટેજ જુદું.

નુરે વહદાનીયત ભાગ પેહેલો }
નુરે વહદાનીયત ભાગ બીજો } **હજરત મોલા મુરતઝાઅલીનું** જીવન ચરિત્ર તથા બીજા ઉપયોગી વિષયો.

ઈસમાઈલી પ્રકાશ ભાગ પહેલો }
ઈસમાઈલી પ્રકાશ ભાગ બીજો } મરહુમ મોલાનાં રૂબીઆંથી એકઠો સાર.

ઈસમાઈલી દર્પણ—ઇસમાઇલી અઠતાળીસે ઈમામોનાં (નકશા સાથે) બયાન, ઈમામતના હીજરી તથા ઈસવી સન સાથે, ટૂંક વર્ણન.

મજકુર પાંચે પુસ્તકમાંથી દરેકનો હદીઓ એક રૂપીઓ, પોસ્ટેજ જુદું.

તઅલીમે દુઆ—શીઆ ઈમામી ઇસમાઈલી પાક દુઆ, ગુજરાતી ટાઈપમાં, બીજા વિષયો સાથે.

તફસીરે દુઆ—શીઆ ઈમામી ઇસમાઇલી પાક દુઆનો તરજુમો, શબ્દાર્થો સાથે, મજકુર બને પુસ્તકોમાંથી, દરેક હદીઓ છ આના પોસ્ટેજ જુદું.

પુસ્તકો મળવાનાં ઠેકાણું.

દારામ ઓધા માસ્તર પ્રગટ કર્તા—૨૩ નવા નાગપાડા, પોલીસ ઈસ્પીતાલ સામે, પોસ્ટ નંબર ૮–મુંબઈ.

મુખી લાલજીભાઈ દેવરાજ—ધી ખોજા સિંધી પ્રિંટીંગ પ્રેસ, ૧૧૬, પાલખી મોહોલા પોસ્ટ નંબર ૯,—મુંબઈ.